Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

પુસ્તક ૪૫ મું. સંવત ૨૦૦૪.

આત્મ સં. ૫૨

અંક ૪ થો. કાર્તિક : નવેમ્બર.

સમ્યગ્ દર્શન જ્ઞાન ચારિત્રાણિ મોક્ષમાર્ગઃ

શ્રી જૈન આત્માનંદ સભા ભાવનગર.

વાર્ષિક લવાજમ રૂા. ૩-૧-૦ પોસ્ટેજ સહિત.

પ્રકાશક—

— : શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર : —

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા.


| | | | |
|---|---|---|---|
| ૧ | શ્રી વિમલગિરિ સ્તવન ... ... ... ... | શ્રી હેમેન્દ્રસાગરજી મ૦ | ૬૯ |
| ૨ | આ૦ વિજયવલ્લભસૂરીશ્વર મહારાજ જન્મ જયંતિ (૭૮) સ્મરણરૂપ સ્તુતિ ... ... ... ... ... | શ્રી વિનયવિજયજી મ૦ | ૭૦ |
| ૩ | વિચારશ્રેણી : ... ... ... ... | આ૦ શ્રી વિજયકસ્તૂરસૂરિજી | ૭૧ |
| ૪ | શ્રી સિદ્ધસેન દિવાકરકૃત બત્રીશ બત્રીશીઓ ... ... | ...આ૦ વિજયપદ્મસૂરિ | ૭૩ |
| ૫ | યોગમિમાંસા ... ... ... ... | ...સં. પા૦ મુનિશ્રી પુણ્યવિજયજી | ૭૬ |
| ૬ | સુવાક્યામૃત ... ... ... ... ... ... | મુનિકુમાર શ્રવણ | ૭૮ |
| ૭ | ધર્મ કૌશલ્ય ... ... ... ... ... ... ... | મૌક્તિક | ૭૯ |
| ૮ | યાત્રાના નવાણું દિવસો ... ... ... ... ... | રા૦ ચોકસી | ૮૩ |
| ૯ | શ્રી વસુદેવ હિંડી માટે અભિપ્રાય ... ... ... ... | પ્રજાબંધુ પેપર | ૮૫ |
| ૧૦ | વર્તમાન સમાચાર સ્વીકાર અને સમાલોચના ... ... ... ... ... | | ૮૭ |
| ૧૧ | ( ખેદજનક નોંધ ) ... ... ... ... ... ... ... ... | | ૮૮ |


## આ માસમાં નવા થયેલા માનવંતા સભાસદો

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | શેઠ સારાભાઈ હઠીસીંગ | | પેટ્રન | અમદાવાદ |
| ૨ | શાહ ચીમનલાલ રેવાલાલ | (૧) | લાઇફ મેમ્બર | કોલ્હાપુર |
| ૩ | શાહ ડાહ્યાલાલ ભાઈચંદ | (૧) | ,, | ,, |
| ૪ | શ્રીમતી વસંતબ્હેન હિંમતલાલ તલસાણીયા M. A. | (૧) | ,, | મુંબઈ |
| ૫ | શાહ પ્રતાપરાય ત્રિભુવનદાસ | (૧) | ,, | બીજાપુર |
| ૬ | શાહ ચતુરદાસ પરસોતમદાસ મ્હેતા | (૧) | ,, | પાદરા |
| ૭ | શેઠ ધનજીભાઈ ત્રીકમજી | (૧) | ,, | મુંબઈ |
| ૮ | સંઘવી રણછોડદાસ નેમચંદ જામનગરવાળા | (૧) | ,, | ,, |
| ૯ | શાહ નાગરદાસ ધરમસી ટાણાવાળા | (૧) | ,, | ,, |
| ૧૦ | શાહ શાંતિલાલ જીવરાજ નથ્થુભાઈ | (૧) | ,, | ભાવનગર |
| ૧૧ | શાહ કાન્તિલાલ નથ્થુભાઈ | (૧) | ,, | ,, |

## આનંદપૂર્વક શહેર ભાવનગરમાં ચાતુર્માસ વિસર્જન.

શ્રીમાન્ આચાર્યદેવ શ્રી વિજયનેમિસૂરીશ્વરજી મહારાજના વિદ્વાનશિષ્ય આચાર્ય મહારાજ **શ્રી લાવણ્યસૂરિજી** મહારાજ સપરિવાર આ શહેરમાં આ ચાતુર્માસમાં બિરાજમાન હતા. આચાર્ય મહારાજ વ્યાકરણ, ન્યાય અને તત્ત્વજ્ઞાન ( આગમજ્ઞાન ) વગેરેના નિષ્ણાત હોવાથી આ ચાતુર્માસમાં પોતાની વિદ્વતાપૂર્ણ વાણીવડે શ્રી પૂજ્ય ભગવતી સૂત્ર અને સાથે સત્ત્વશાળી નરેન્દ્ર વિક્રમાદીત્ય ચરિત્ર બહુજ સરલ, મીષ્ટ, સુમધુર અને બાળજીવો ( સહજ જ્ઞાનવાળા ) સમજી શકે તેવી વાણીવડે સંભળાવી જૈન સમાજ ઉપર ઉપકાર કર્યો છે. પર્યુષણમાં તેની આરાધના, તપસ્યાઓ, જ્ઞાનદાન, અનેક એવા બીજા શાસન પ્રભાવનાના અનેક કાર્યો થતાં શ્રી સંઘે યથાશક્તિ આત્મકલ્યાણ સાધ્યું છે. આવા વિદ્વાન મુનિવરોને દર વર્ષે અત્રેના શ્રી સંઘે વિનંતી કરી ચાતુર્માસ માટે આમંત્રણ કરવાની જરૂર છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આ સભાના નવા થયેલાં માનવંતા પેટ્રન—

469



શેઠ સારાભાઇ હઠીસીંગ-અમદાવાદ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શેઠશ્રી સારાભાઈ હઠીસીંગનું સંક્ષિપ્ત જીવન વૃત્તાંત.

ગૂર્જર ભૂમિ-દેશનું મુખ્ય શહેર **અમદાવાદ** વ્યાપાર, ઉદ્યોગ હુન્નર અને લક્ષ્મીવડે નિરંતર થતી જતી આબાદીથી રાજનગર કહેવાય છે. અનેક પ્રકારની શિક્ષણ સંસ્થાઓ, વિદ્યાપીઠો, અને કલાધામોવડે વિદ્યાધામ મનાય છે. અલૌકિક સુંદર, રમણીય અનેક જૈન મંદિરોવડે જૈનપુરી કહેવાય છે. વિદ્વાન ત્યાગી મહાત્માઓના આવા ગમનને લીધે શાસ્ત્ર શ્રવણવડે જૈન સમાજમાં દેવ, ગુરૂ, ધર્મની શ્રદ્ધાવડે શાસન પ્રભાવનાના અનેક માંગલિક કાર્યો પણ થયા કરે છે. આ જૈનપુરી શહેરમાં શેઠ સાહેબ **સારાભાઇ હઠીસીંગ**નો જન્મ થયો હતો.

વંશપરંપરાથી ધર્મ શ્રદ્ધા અને જૈન સંસ્કાર શ્રીયુત્ સારાભાઇ શેઠને વારસામાં મળ્યા હતા. લઘુવયમાં આર્થિક સ્થિતિ સામાન્ય હોવા છતાં વ્યાપારી લાઇનમાં જોડાયા, પછી કુશાગ્ર બુદ્ધિ, પૂર્વ પૂણ્ય અને દેવ, ગુરૂ, ધર્મની ઉપાસનાવડે રૂ અને કાપડના કમીશન એજંટ તરીકે મુંબઇ, અમદાવાદમાં ધંધો શરૂ કર્યો; બંને સ્થળે નિષ્ણાત, વ્યવહાર કુશળ વ્યાપારી તરીકે સારી ખ્યાતિ પ્રાપ્ત થઇ, સાથે આર્થિક સંપત્તિ વધવા લાગી અને ધર્મ શ્રદ્ધાની પણ વૃદ્ધિ થઇ, અને જૈન સમાજમાં એક ગર્ભ શ્રીમંત જૈન તરીકે ગણના પણ થવા લાગી.

રાજેશ્રી સારાભાઇની હાલ ચોસઠ વર્ષની લગભગ વય હોવા છતાં ઘણા વર્ષો પહેલાં બ્રહ્મચર્ય વ્રત ઉચરી આત્મકલ્યાણ પણ સાધ્યું છે. દર વર્ષે તીર્થયાત્રા કરવાનો નિયમ છે અને તેથી જ ગઈસાલ શ્રી તાલધ્વજગિરિની નવાણું યાત્રા પણ કરી હતી. અઠ્ઠાઇમહોત્સવ, શાંતિસ્નાત્ર જેવા દેવ ભક્તિનાં કાર્યો પણ

卐

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જીવનમાં ભૂલ્યા નથી, અને તે ઉદારતાપૂર્વક કર્યા છે. પ્રતિક્રમણ, જિનપૂજા; રાત્રિ ભોજન ત્યાગ, સામાયિક વગેરે તો શેઠ સાહેબની નિરંતરની ધાર્મિક પ્રવૃત્તિ ચાલુ જ છે. મહારાજા જામસાહેબ સાથે સારા સંબંધને લઇને તીર્થને અંગે ઉપયોગી કાર્ય તેમની તે લાગવગથી પણ થયેલ છે.

સ્વભાવે સરલ, પુણ્ય પ્રભાવક હોવા છતાં હંમેશાં વ્યવહારમાં લઘુતા દર્શાવનારા છે. આ પુણ્યશાળી પુરૂષને ધર્મનિષ્ટ, તેમને પગલે ચાલનારા શ્રી રમણભાઇ, રતિલાલભાઇ, મનુભાઇ, ચીનુભાઇ, અંબાલાલભાઇ અને અનુભાઇ એ છ સુપુત્રો અને એક સુપુત્રી શ્રી કંચનબ્હેન છે. એમણે તેમજ તમામ પુત્રો પૌત્રોએ પણ ઓળી કરેલી છે. મોટા સુપુત્ર રમણભાઈ 'સમયજ્ઞ અને સર્વ ભાઇઓ સજ્જન છે.' શ્રી રતિભાઈ અને અનુભાઇએ તો ઉપધાન પણ વહન કર્યા છે એટલે કે આખું કુટુંબ ધર્મનિષ્ટ છે.

શેઠ સાહેબ અને તેમના સુપુત્રોએ આ સભાની કાર્યવાહી, દેવ, ગુરૂ, અને ધર્મની ભક્તિ જાણી અને થતી જતી પ્રગતિ અવલોકી શ્રી સારાભાઈ શેઠ આ સભાના માનવંતા પેટ્રન (મુરબ્બી) થયા છે, જે માટે આભાર માનીએ છીએ. શેઠ સાહેબ, સારાભાઇ વગેરે દીર્ઘાયુ થઇ આધ્યાત્મિક, શારીરિક અને આર્થિક સંપત્તિ મેળવી, અનેક સખાવતો કરી દિવસાનુદિવસ આત્મકલ્યાણ સાધે તેવી પરમાત્માની પ્રાર્થના કરીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# નમ્ર સુચના.

## અમારા માનવંતા પેટ્રન સાહેબોને અને લાઈફ મેમ્બરોને શ્રેણીબંધ સુંદર ગ્રંથોનો ભેટ તરીકેનો લાભ.

ગયા માસ સુધીમાં **શ્રી સંઘપતિ ચરિત્ર,** રૂા. ૬ાા **શ્રી મહાવીર યુગની મહા દેવીઓ** રૂા. ૩ાા (કુલ દશ રૂપીઆના ગ્રંથો ભેટ અપાઇ ગયેલ છે. હવે પોષ માસમાં **શ્રી વસુદેવ હિંડી** રૂા. ૧૨ાા તથા **શ્રી શાંતિનાથ પ્રભુ ચરિત્ર** રૂા. ૭ાા વીશ રૂપીઆની કીંમતના બે ગ્રંથો ધારા પ્રમાણે ભેટ મળશે. ત્યારબાદ **શ્રી દમયંતી ચરિત્ર** અને **શ્રી પાર્શ્વનાથ પ્રભુ ચરિત્ર** એ બે ગ્રંથો, ત્યારબાદ **શ્રી કથા રત્નકોષ પ્રથમ ભાગ** અને **શ્રી શ્રેયાંસનાથ ચરિત્ર** ઉપરોકત આ બે ગ્રંથો પ્રેસમાં છપાઈ રહેલ છે અને બીજા ગ્રંથો યોજનામાં છે. પ્રકટ થતાં તરતજ ઉપરોકત શ્રેણીબંધ સુંદર સચિત્ર ચરિત્રો ઘણીજ ભારે કિંમતના ભેટ આપવામાં આવશે. શ્રી આત્માનંદ પ્રકાશ માસિકમાં ભેટના ગ્રંથો માટેની જાહેરખબર દ્વારા જે જે વખતે જે જે લાઇફ મેમ્બર માટે સૂચના કરી હોય તેની હદની અંદર રહીને તે તે પ્રમાણે ઉપરોકત ગ્રંથો ભેટ આપવામાં આવશે.

આવા સુંદર ગ્રંથોમાં આવેલા તીર્થંકર ભગવાન, સત્ત્વશાળી મહાન નરો, સતી શિરોમણીના ચરિત્રો સાથે તત્ત્વજ્ઞાનના સરલ, સાદા, સમજવા જેવા, વિષયો વાંચી અનેક ભવ્યાત્માઓ આત્મકલ્યાણ સાધી શકે છે. અને આર્થિક દૃષ્ટિએ પણ આ સભા જેવો લાભ કોઇ સંસ્થાએ આપ્યો નથી, આપી શકતું નથી. બંને પ્રકારનાં લાભો મેળવવા દર માસે અને ક્રમે ક્રમે (જૈન બંધુઓ) નવા પેટ્રન સાહેબો અને લાઇફ મેમ્બરો થયા છે અને થાય છે. **સ્થિતિ સંપન્ન જૈન બંધુઓને ખાસ પેટ્રન પદ સ્વીકારવા અને છેવટે રૂા. ૧૦૧) આપી સત્વર લાઇફ મેમ્બરો થવા નમ્ર સુચના છે.**

સેક્રેટરીઓ.
**શ્રી જૈન આત્માનંદ સભા.**
**ભાવનગર.**

શ્રી કૃષ્ણકુમારસિંહજી પ્રી. પ્રેસ-ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ.

... પ્રકાશક:—શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર ...

| | | |
|---|---|---|
| વીર સં. ૨૪૭૪. | કાર્તિક | પુસ્તક ૪૫ મું. |
| વિક્રમ સં. ૨૦૦૪. | :: ઇ. સ. ૧૯૪૭ ડીસેમ્બર :: | અંક ૪ થો. |

## વિમલગિરિરાજ–સ્તવન.

( ઉડન ખટોલે પે ઉડ જાઉં. )

વિમલ વિમલગિરિ જાઉં,
પ્રભુ જોઇ હરખાઉં......હાં......પ્રભુ...ટેક૦

તન, મન, ધન, પ્રભુ ચરણે અર્પું,
પ્રેમે શીશ નમાવું,
ચંદન, અક્ષત, પુષ્પ ધરીને
ભક્તિ–ગીત ગજાવું
ન્યારા નૃત્યે ચરણો રાજે, ગાઉં ગુણને મધુર અવાજે,
થાયે હર્ષ અપાર......
જિનવરકેરા ચરણકમળમાં,
પામું સઘળો સાર.........
આંગી દિવ્ય રચાવું, જિનવર–ધૂન મચાવું.........પ્રભુ૦

પુંડરીક જ્યાં સિદ્ધિ વરીયા,
પંચ કોટિ મુનિવર ઉદ્ધરિયા;
એવા તીર્થે દર્શન પામી,
મુક્તિપંથ સજાવું;
મુનિ હેમેન્દ્ર અજિત પદ લેવા,
વિમલાચલ ગુણ ગાઉં,
એ ગિરિવર શરણે જાઉં ( ૨ )...........વિમલ૦

મુનિરાજ હેમેન્દ્રસાગરજી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પૂજ્યપાદ પ્રાતઃસ્મરણીય શ્રી શ્રી ૧૦૦૮ શ્રીમદ્
**વિજય વલ્લભસૂરીશ્વરજી** મહારાજ સાહેબની
૭૮ મી જન્મ જયંતિના સ્મરણરૂપ

# વર્ષાભિનંદન સ્તુતિ.

દોહરો.

સંવત ભૂજ સહસ્ર વેદ (૨૦૦૪), મંગલ નવલ પ્રભાત;
કુમ કુમવર્ણી ખીલતી, પ્રભા ભાનુ ઉદ્યાત× ૧

મંદાક્રાંતા.

ખીલે ભાનુ નવલ વર્ષે, શાન્તિ સામ્રાજ્ય સ્થાપે;
ફુલે ફાલે કુસુમ કળીયો, દિવ્ય સુગંધ આપે;
કોકિલાના મધુર ટહુકે, ગુંજતી આમ્ર વાડી;
આશ્રિતોને શીતલ બનવે, ઉષ્ણુતાને નસાડી. ૧

અનુષ્ટુપ.

શાન્તિ ને સુરભી નિત્યે, ગૌરવે ગુંજતા રહો;
નિવારી દુઃખ દુઃખીના, આશિષો દિલની લહો. ૧

દોહરો.

વર્ષાભિનંદન સુભગ, સ્વીકારો ધરી સ્નેહ;
**વિનય** ઇંદ્ર તો વિનવે, વરસો અમિરસ મેહ. ૧

રચયિતા—
**મુનિશ્રી વિનયવિજયજી—વડનગર.**

× ઉદ્યોત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વિચારશ્રેણી

લેખક—આચાર્યશ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ

અહિંયા કાંઈપણ ન કરી શકો અથવા તો ન મેળવી શકો તો કાંઈ ચિંતા નહિં પણ અણજાણ તો રહેશો જ નહિં. સાચું અને સારું જાણીને જ જશો; કારણ કે સાચું જાણેલું હશે તો સંસારની શેરીયોમાં ભૂલા પડશો નહિં અને સમય આવ્યે સાચી સિદ્ધિ મેળવી શકશો.

સર્વથા અણજાણ અને અકર્મણ્યને જણાવવા સ્વ–પરની યોગ્યતાના પ્રમાણમાં કાંઇક બોલવું અને લખવું તે તો કાંઇક ઠીક કહેવાય, પણ જાણ અને કર્તવ્યપરાયણની સ્ખલનાને ઉદ્દેશીને બોલવામાં અને લખવામાં દુનિયાને ડહાપણ બતાવવું તે એક પ્રકારની મૂર્ખાઈ છે, કારણ કે કર્તવ્યપરાયણ જાણ બધું ય જાણે જ છે અને તેને કાર્યસિદ્ધિમાં અનેક પ્રકારના વિઘ્નો આવીને સ્ખલના પહોંચાડે છે તેમજ અનેક મુશ્કેલીઓનો સામનો પણ કરવો પડે છે; પણ કર્તવ્યહીન લખનાર કે બોલનારને તો માત્ર જીભ હલાવવી કે કાગળ કાળા કરવા તે સિવાય કાંઈપણ વિઘ્ન કે મુશ્કેલી જેવું હોતું નથી; માટે જ આવા કર્તવ્યહીન જીવો કર્તવ્યપરાયણની જનતાના મોઢેથી પ્રશંસા સાંભળીને ઇર્ષ્યાથી તેમની સ્ખલના અને દોષોને દુનિયા આગળ ઉઘાડા કરીને મોટાઈ તથા જાણપણાનું માન મેળવવાની આશા રાખતા હોય તો તેઓની અજ્ઞાનતા જ છે.

આત્મબળ મેળવ્યા સિવાય બુદ્ધિમત્તાની ખ્યાતિ માટે જનતામાં ડહાપણ ડોળનાર ડાહી જનતામાં તો હાંસીનું પાત્ર જ બને છે.

વિદ્વેષ–વિરોધ–ઇર્ષ્યા તથા અણગમાના આશ્રયમાં રહીને બીજાને જનતામાં હલકો બતાવી તેની નિંદા સાંભળવાના આશયથી બોલનાર કે લખનાર અધમ કોટીનું પાત્ર હોય છે. તેના બોલવાની કે લખવાની સજ્જન પુરુષોને કાંઇપણ અસર થતી નથી અને પોતે જ તેમના તરફથી તિરસ્કારની લાગણીનો લાભ મેળવે છે.

જો આત્મકલ્યાણ મેળવવાની ઈચ્છા રાખતા હો તો તેને સાચી રીતે સમજીને તે જ રસ્તે ચાલવા માંડજો, પણ અનાદિ કાળથી સમજી રાખેલા અકલ્યાણના માર્ગે તો જશો જ નહિં.

જેઓ એમ કહે છે કે અમારે તો કોઈની પણ સાથે વૈર–વિરોધ નથી તો પછી તેમને કોઇના ઉપર રાગ પણ ન હોવો જોઇએ અને જો તેમનામાં રાગ છે તો પછી વૈર–વિરોધની ના પાડે છે તે જૂઠું બોલે છે; કારણ કે જ્યાં રાગ હોય છે ત્યાં દ્વેષ અવશ્ય હોય જ છે અને એટલા માટે જ રાગ ક્ષય થયા સિવાય વીતરાગ બની શકાતું નથી.

બીજાનું હિત કરવાની ઇચ્છા થાય તો ભલે કરો, ઉત્તમ કાર્ય છે પણ સ્વાર્થાંધ બની અંતરમાં અહિતની બુદ્ધિ રાખી પરનું હિત કરવાનો ડોળ દેખાડશો નહિં, કારણ કે તેથી આ લોકમાં અપ્રમાણિક બનશો અને પરલોકમાં અધોગતિની યાતનાઓ ભોગવશો.

જનતાને પ્રતિજ્ઞાપૂર્વક પોતાની જીવનપ્રવૃત્તિનો પરિચય આપીને અવળી પ્રવૃત્તિ આદરનાર વિશ્વાસઘાતી છે માટે તે ગમે તેવી પ્રવૃત્તિથી પણ સ્વ–પરનું શ્રેય કરી શકતો નથી, છતાં તે પરશ્રેયનો દાવો કરતો હોય તો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માત્ર ક્ષુદ્ર વાસના પોષવાના આશયથી જનતાને ઠગે છે.

અમે જાણીએ છીએ તે બધું ય સાચું જ છે એમ માની લેવાની ભૂલ કરશો નહિ, કારણ કે જ્યાંસુધી તમને જાણવાને બીજાના લખાણ તથા કથનની અપેક્ષા રાખવી પડે છે પણ સ્વતંત્રપણે જાણતા નથી ત્યાંસુધી જાણવામાં તથા સમજવામાં તમે ભૂલવાના જ.

માનવી માત્ર મળેલા જીવનનું રક્ષણ કરવાને નિરંતર કાળજીપૂર્વક પ્રયત્ન કરે છે પણ સાચા જીવનને સમજવાની કોઇક જ કાળજી રાખે છે.

કયાં જવાશે તેનાથી તો તમે અણજાણ છો પણ સુખી સ્થળે જવાના માર્ગને તો અવશ્ય જાણો જ.

જે કાર્ય કરવાથી અપકીર્તિની આશંકા રહેતી હોય તેવા કાર્યનો સંકલ્પ સરખોય કરશો નહિં.

નિઃસ્વાર્થી તથા નિર્લોભી માણસમાં સ્વાભાવિક સભ્યતા તથા નમ્રતા હોય છે, ત્યારે સ્વાર્થી તથા લોભી માણસમાં દેખાવ પૂરતી જ હોય છે.

માનવ પ્રકૃતિમાં પ્રાયઃ એક એવો અવગુણ ઘર કરી બેઠો છે કે માનવી પોતાની પાસે સારી અને સુંદર વસ્તુ કેમ ન હોય તોયે બીજાની વસ્તુ તેને પ્રિય લાગે છે અને તેને વાપરવાની ઇચ્છા રાખે છે.

એક જ જાતની વસ્તુ બે માણસ કેમ ન વાપરતા હોય છતાં તેમને એક બીજાની વસ્તુમાં નવીનતા દેખાય છે અને તેને વાપરવાને ચ્હાય છે, એ જ મનુષ્ય પ્રકૃતિની વિલક્ષણતા બતાવી આપે છે.

પરાધીન સુખ-સંપત્તિમાં નિરાશાને અવકાશ રહે છે, પણ સ્વાધીન સુખ-સંપત્તિમાં તો નિરાશાનો ઓળો સરખોયે હોતો નથી; છતાં માનવી પરાધીન સુખ મેળવવા મથી રહ્યા છે, એ જ તેમની અજ્ઞાનતા સૂચવે છે.

સ્વાર્થી તથા અણજાણ માણસોની શ્લાઘાથી ફૂલાવું તે મૂર્ખતા છે.

મૂર્ખ શ્રીમંત તથા સ્વાર્થી પઠિત મૂર્ખની સહાનુભૂતિથી ખ્યાતિ મેળવી ખુશ થવું તે અજ્ઞાનતા છે.

અવળાં કૃત્યોથી સત્કાર પામેલો આત્મા બીજાના આદરસત્કારથી સન્માનિત થઈ શકતો જ નથી.

અસત્ય-માયા-દંભ-દુરાચાર આદિ અવગુણોથી પોતે જ પોતાના આત્માનું અપમાન કરનાર અજ્ઞાનીઓના સન્માનથી ફૂલાતો હોય તો તેનામાં ડહાપણનો અંશ પણ હોતો નથી.

સદાચારી હોય કે દુરાચારી પણ પૈસાથી તથા કહેવાતી વિદ્વતાથી અણજાણ અથવા તો સ્વાર્થી દુનિયામાં થોડુંઘણું પણ માન મેળવનારના આવકારને ચાહનાર ઘણા હોય છે.

ખોટું પણ બીજાને મનગમતું કહીને પોતાની વાસના પોષવાનાં સાધન મેળવવાના સિદ્ધાંતવાળાથી સ્વહિત જાળવનારે સાવચેત રહેવાની જરૂરત છે.

ડાહી-ડાહી સુધરેલી ભાષામાં વાતો કરનારમાં સત્ય-સત્વ-સ્વચ્છતા તથા સરળતા કેટલી છે તેને સાચી રીતે જાણ્યા સિવાય તેની વાગ્જાળમાં ફસાઇને જીવનસંપત્તિ કે ધનસંપત્તિનો નાશ કરવો નહિ.

નમતાને નમતું આપવું, પણ ગમતું આપવું નહિ, બુદ્ધિપૂર્વક સારી રીતે વિચાર કર્યા પછી જ ઉચિત જણાય તેમ વર્તવું નહિં તો જીવન પર્યંત શલ્યની જેમ ખુંચ્યા કરશે.

વાચાળતા, અસત્ય તથા માયાની આશ્રિત છે, માટે જ તે વિવેકનો વિરોધ કરનારી છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આ. શ્રી સિદ્ધસેન દિવાકરસૂરિના ઉપલબ્ધ ગ્રંથોનો ટૂંક પરિચય

# ( દ્વાત્રિંશદ્વાત્રિંશિકા–બત્રીશ બત્રીશીઓ )

લે૦–આચાર્યશ્રી વિજયપદ્મસૂરિજી મહારાજ

( ગતાંક બીજાના પૃષ્ઠ ૩૮ થી શરૂ )

૨૧. શ્રી મહાવીર દ્વાત્રિંશિકા–વર્તમાન શાસનનાયક પ્રભુ શ્રી મહાવીર દેવની ભુજંગપ્રયાત ( ભુજંગી ) છંદના ૩૨ શ્લોકમાં સ્તુતિ કરી છેવટે શાર્દૂલવિક્રીડિત છંદના ૩૩ મા શ્લોકમાં સ્તુતિ કરવાનું ફલ જણાવ્યું છે. આની ઉપર ચાંદ્રકુલના વિધિપક્ષ ગચ્છના શ્રી વિદ્યાસાગરસૂરિના મુખ્ય શિષ્ય શ્રી ઉદયસાગરસૂરિએ ટીકા બનાવી છે. તે જૈન ધર્મ પ્રસારક સભાએ વિ. સં. ૧૯૫૯ માં મૂલ–મૂલાર્થ–ટીકા–ટીકાર્થ આ ક્રમે છપાવી હતી. તે હાલ મળતી નથી. તેમાં ટીકાકાર ઉદયસાગરસૂરિ પહેલા શ્લોકની ટીકા કરતાં જણાવે છે કે—

"શ્રી સિદ્ધસેન દિવાકરે ઉજ્જયિની નગરીમાં મહાકાલેશ્વરની આગળ આ સ્તુતિ બનાવી હતી. તેનો કંઇક અર્થ હું લખું છું." આથી જણાય છે કે–આ બત્રીશીના કર્ત્તા દિવાકરજી મહારાજ છે. કેટલાએક વિદ્વાનો એમ પણ માને છે કે–"આની ભાષા–રચના અને વસ્તુની બીજી બત્રીશીઓ સાથે સરખામણી કરતાં ત્રીજા શ્લોકમાં શાસનનું આંતરિક સ્વરૂપ વગેરે બહુ જ સૂક્ષ્મ બીના જણાવી છે. રહસ્ય એ છે કે–અનુશાસનના દેશ કાળ, આચાર, ઉંમર. પ્રકૃતિ વગેરે સાધનો જણાવી શાસન કરનારના ગુણો જણાવતાં દિવાકરજી મહારાજે કહ્યું છે કે–જે મનઃશુદ્ધિ, સ્વપરપ્રયોજનાદિ જ્ઞાન, વાક્પટુતા, આત્મજય વગેરે ગુણોને ધારણ કરે તે જ સાધક થઇ શકે.

ચોથા શ્લોકમાં ૧. જેને સ્વયં સંદેહ ઉપ-

---

સુખે જીવવામાં ઘણા મતભેદ છે પણ દુઃખે મરવામાં કોઇનો પણ મતભેદ નથી.

જીવનમાં નિરુપયોગી જણાય તેવા કાર્યક્ષેત્રમાં ડાહ્યા માણસો પગ સરખોય મૂકતા નથી. કોઈપણ કાર્યમાં માનસિક અનુકૂળતા જળવાતી હોય તો જ પોતાના જીવન તથા ધનનો ફાળો આપવાને માનવી ચહાય છે.

માનવીને પોતાની મોટાઇ જેટલી ગમે છે તેટલું કાર્ય કરવું ગમતું નથી.

માનવી શારીરિક આરોગ્યતા માટે જેટલી કાળજી રાખે છે તેનાથી લાખમે ભાગે પણ ઓછી આત્મિક આરોગ્યતા મેળવવાને કાળજી રાખતો નથી.

જો ઇચ્છાઓને અંશમાત્ર પણ અવકાશ ન મળે તો પછી સુખના માટે ઝાઝો પ્રયાસ કરવો પડતો નથી.

જેઓ પોતે પોતાના આત્માનું અપમાન કરતા નથી તેમને જગતના અપમાનનો ભય હોતો નથી.

કષાયના–વિષયના આશ્રિત બનીને કોઇપણ પ્રકારનું કાર્ય કરવાથી આત્માનું અપમાન થાય છે.

તુચ્છ સ્વાર્થ માટે માનવી મરજીયાત જેટલું કષ્ટ સહન કરે છે તેટલું પરમાર્થ માટે ફરજીયાત સહન કરે તોયે આત્માનું કલ્યાણ કરી શકે છે.

મનથી નિરપરાધી રહેનારને જગતને ઠગવા અવગુણોનો આદર કરવો પડતો નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જ્યો છે તે. ૨. જેને પર પ્રયત્નથી સંદેહ પ્રકટ થયો છે. ૩. શબ્દ ધારણુશક્તિવાળા. ૪ અર્થને ધારણ કરવાની શક્તિવાળા. ૫. સૂત્ર અર્થ બંનેને ધારણ કરવાની શક્તિવાળા. વગેરે શૈક્ષ( ઉમેદવાર )ના ભેદો વગેરે બીના જણાવી, છઠ્ઠા શ્લોકમાં કઇ અપેક્ષાએ શૈક્ષનો આચાર વિવિધ પ્રકારનો હોય છે ? આ પ્રશ્નનો સ્પષ્ટ ખુલાસો જણાવ્યો છે. ૨૮ મા શ્લોકમાં જણાવ્યું છે કે-જેમ તાવ હજુ હમણાં જ ચઢવા માંડ્યો હોય, તે વખતે તાવને શમાવનારું ઔષધ અપાય જ નહિ. આપે તો લાભને બદલે નુકશાન જ થાય, તેવી રીતે અશાંત બુદ્ધિવાળા ( ઉછાંછળી બુદ્ધિવાળા ) જીવોની આગળ વિશિષ્ટ શાસ્ત્રોના ગૂઢ રહસ્ય કહેવાથી તેને બીલકુલ લાભ તો છે જ નહિ, પણ કહેનારને જ નુકસાન થાય, તેના કરતાં અપ્રશાંત બુદ્ધિવાળા શિષ્યને બહુ જ નુકશાન થાય છે. આ બીનાવાળો શ્લોક આ પ્રમાણે જાણવો—

**अप्रशांतमतौ शास्त्र-सद्भावप्रतिपादनम् ।**
**दोषायाभिनवोदीर्णे, शमनीयमिव ज्वरे ॥ २८ ॥**

સંભવ છે કે-છેદસૂત્રાદિમાં જણાવેલા અતિ પરિણામી વગેરે શિષ્યોના ભેદ તરફ લક્ષ્ય રાખીને ઉપરની બીના દિવાકરજીએ જણાવી હોય, આગળ અનાસેવિતાદિને અંગે ટૂંક વર્ણન કરી બત્રીશી પૂર્ણ કરી છે.

ઓગણીશમી દ્વાત્રિંશિકામાં-મોક્ષ માર્ગ-પ્રરૂપણા, જીવ પુદ્ગલને અંગે જરૂરી વક્તવ્ય, દ્રવ્ય પર્યાયાદિ, સકલાદેશાદિને અંગે પણ જરૂરી બીના જણાવી હોય, એમ લાગે છે. એમ લાગે છે કે-તે બત્રીશી કોઇ જૂદા જ સિદ્ધસેનની કૃતિ છે, અને ગમે તે કારણથી દિવાકરજી મહારાજની મનાતી કૃતિઓમાં દાખલ થઇ દિવાકરજીની કૃતિ તરીકે તે પ્રસિદ્ધિ પામી હોય. આના વાંચનથી અને મનનથી જણાય છે કે-કર્ત્તાએ અન્યદાર્શનિક વિચારોના ખંડન કરવાના ઇરાદાથી જ-અમુક અમુક શ્લોકોમાં પ્રભુદેવના વિશિષ્ટ વિશેષણો ગોઠવીને શરણની માગણી કરી છે. કેટલેક સ્થલે એવા કઠીન શબ્દોની સંકલના કરી છે કે-જેથી તે બધાનો અર્થ જે વિવક્ષા અને શબ્દકોશનો જ્ઞાતા હોય, તે જ કરી શકે કે સમજાવી શકે. અહીં પહેલા શ્લોકની ટીકામાં ટીકાકારે, નંદી ટીકાકારના વચનો ટાંકીને ત્રિવિધ આત્માનું સ્વરૂપ ટૂંક છતાં બહુ જ અસરકારક રીતે જણાવ્યું છે. તેમાં ખાસ યાદ રાખવા જેવી બીના એ કહી છે કે-હેયાદિના જ્ઞાન વગરનો, વિષયાસક્ત આત્મા બહિરાત્મા કહેવાય, અંતરાત્માના ત્રણ ભેદમાં અવિરત સમ્યગ્દૃષ્ટિ-જઘન્ય અંતરાત્મા, પાંચમા છઠ્ઠા ગુણઠાણાવાળા જીવો-મધ્યમ અંતરાત્મા, તેથી આગળ સાતમા અપ્રમત્ત ગુણઠાણાવાળા જીવોથી લઇને બારમા ક્ષીણકષાય વીતરાગ છદ્મસ્થ ગુણસ્થાનવાળા જીવો ઉત્તમ અંતરાત્મા કહેવાય. પરમાત્માના બે ભેદમાં સયોગી અયોગી કેવલી-સકલ પરમાત્મા, ને સિદ્ધો નિષ્કલ પરમાત્મા કહેવાય. બીજા શ્લોકમાં અન્યદર્શનવાળા જીવો પોતાના ઇષ્ટદેવને જે નહિ ઘટતા નામ આપી સ્તવે છે, તે નામ પરમાત્મામાં યથાર્થ રીતે ઘટાવ્યા છે. ત્રીજા શ્લોકમાં પરમાત્માની નિર્દોષતા અઢાર દૂષણોના નામ આપી જણાવી છે. ચોથા શ્લોકમાં રાજસાદિ ગુણ રહિતપણું અને લોકરક્ષકત્વાદિ ગુણોની પ્રશંસા કરવાપૂર્વક પરમાત્માની સ્તુતિ કરી, પાંચમા છઠ્ઠા સાતમા શ્લોકમાં હૃષિકેશાદિ નામો ઘટાવીને સ્તુતિ કરી છે. આઠમા શ્લોકમાં પરમાત્માના શસ્ત્ર રહિતતા, હાસ્યાદિનો અભાવ, વગેરે ગુણો વર્ણવી સ્તુતિ કરી છે. નવમા શ્લોકમાં બીજા દેવો જેમ સિંહાદિ વાહન ઉપર બેસે છે, તેવા પરમાત્મા નથી. તેઓ બીજાને ભય પમાડતા નથી, વગેરે ગુણોથી લોકોત્તર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દેવપણું સાબિત કરી પ્રભુની સ્તુતિ કરી છે. દશમા શ્લોકમાં જેમ-બીજા દેવો સ્રીસંગ કરે છે તેવા આપ નથી, માટે જ નિષ્કામ એવા આપને મુક્તિ સ્રી વરી છે. આ રીતે સ્તવી અગિયારમા શ્લોકમાં બ્રહ્માદિને જગદુત્પાદકાદિ સ્વરૂપે માનનારના વિચારો અયોગ્ય જણાવી સ્તુતિ કરી છે. બારમા શ્લોકમાં ત્રિપદીમાં બ્રહ્માદિપણું ઘટાવી સ્તુતિ કરી, તેરમા શ્લોકમાં ખરૂં વ્યાપકપણું વિષ્ણુમાં નથી, પણ ત્રિપદીમાં જ છે આ વાત ઘટાવી તે ત્રિપદીના જણાવનાર પરમાત્માની સ્તુતિ કરી છે.

ચૌદમા શ્લોકમાં ઉત્પાદાદિ ત્રિપદી રહિત કોઇ વસ્તુ જ નથી, આવી સર્વમાન્ય ત્રિપદીના પ્રતિપાદક પ્રભુની સ્તુતિ કરી, પંદરમા શ્લોકમાં શબ્દાદિ વિષય રહિતપણું વગેરે ગુણો જણાવી, સોલમા શ્લોકમાં છેદાદિ રહિતપણું વગેરે ગુણો જણાવી, સ્તુતિ કરી છે. સત્તરમા શ્લોકમાં યોગ રોગાદિ રહિતતાદિ ગુણો વર્ણવી સ્તવના કરી અઢારમા શ્લોકમાં ક્ષમાદિ દશ ધર્મના ભેદો જણાવી, આપે કહેલ તેવો ઉત્તમ ધર્મ જયવંતો વર્તે છે. આ રીતે લોકોત્તર ધર્મપ્રતિપાદકત્વગુણ વર્ણવી સ્તુતિ કરી છે. ઓગણીશમા વીશમા એકવીશમા શ્લોકમાં પ્રભુદેવે કહેલ ધર્મનો પ્રભાવ જણાવી, સ્તુતિ કરી છે. બાવીશમા તેવીશમા શ્લોકમાં પ્રભુની આજ્ઞાનો પ્રભાવ જણાવી સ્તુતિ કરી છે. ચોવીશમા શ્લોકમાં પ્રભુનો કલ્પવૃક્ષાદિથી પણ અધિક મહિમા જણાવી સ્તુતિ કરી છે. પચ્ચીશમા શ્લોકમાં પ્રભુદેવની આજ્ઞાનો વિવિધ વિઘ્નવિનાશકત્વરૂપ અસાધારણ ગુણ વર્ણવી સ્તુતિ કરી છે. છવ્વીશમા શ્લોકમાં કયા જીવો પ્રભુદેવના યથાર્થ સ્વરૂપને ન જાણી શકે ? આ વાત વિસ્તારથી સમજાવી સ્તુતિ કરી છે. સત્યાવીશમા શ્લોકમાં પ્રભુની આજ્ઞાનું સ્થાન, ફલ વગેરે જણાવી સ્તુતિ કરી છે. અઠ્યાવીશમા શ્લોકમાં આજ્ઞાનો અલૌકિક પ્રભાવ જણાવી, સ્તુતિ કરી છે. ઓગણત્રીશમા શ્લોકમાં વિદ્વાનોએ કરેલી પૂજાનું સ્વરૂપ વર્ણવી, ત્રીશમા શ્લોકમાં દયા વગેરે આઠ પુષ્પોથી થતી પૂજાનું વર્ણન કરી સ્તુતિ કરી છે. એકત્રીશમા બત્રીશમા શ્લોકમાં પ્રભુદેવમાં ધનેશાદિ નામોના અર્થની સત્ય ઘટના વર્ણવી સ્તુતિ કરી છે. તેત્રીશમા શ્લોકમાં સ્તુતિ કરવાનું ફલ વર્ણવી સ્તવના કરી છે.

(ચાલુ)

## જ્ઞાન અને ક્રિયા.

એક અંધો હતો, એક પંગુ હતો, બેઉને જાવું'તું એક સ્થાને;
અંધ ના દેખતો, માર્ગ ના જાણતો, વ્યર્થ ફેરા ફરે ભૂલી ભાને.
પંગુ ત્યાં દેખતો, માર્ગને જાણતો, ચાલવાની નહિ કિન્તુ શક્તિ;
એક ના દેખતો, એક ના ચાલતો, બેઉ તેથી રહ્યા ત્યાં જ અટકી.
બેઉ ભેગા થતા, બેઉ વિચારતા, બેઉની શક્તિ એકત્ર કરતા;
પંગુ દેખાડતો, અંધ ત્યાં ચાલતો, બેઉ પહોંચી શકયા એક થાતાં.
માત્ર ક્રિયા કરે, કાંઈ સમજ્યા વિના, અંધસમ વ્યર્થ ફેરા ફરે તે;
માત્ર જે જ્ઞાની છે, માત્ર વાતો કરે, પંગુસમ જ્યાં હતો ત્યાં જ રહે તે.
પણ મળે મેળ જો, જ્ઞાનક્રિયાતણો, સાધ્ય સુલભ બને તો જ નિશ્ચે;
ધર્મના મર્મને, જાણીને આચરો, ફળતણી હોય જો આશ નિશ્ચે.

અનંતરાય જાદવજી શાહ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# યોગ મીમાંસા

સં. મુ. પુણ્યવિજયજી ( સંવિજ્ઞ પાક્ષિક )

ગતાંક પૃ. ૬૦ થી શરૂ.

જ્યારે જીવમાં પરલોક પ્રાધાન્યનો ભાવ પ્રગટ થાય; અને એથી પરલોકસાધન શાસ્ત્ર પ્રત્યે સદ્‌ભાવ પ્રગટ થાય ત્યારે એ જીવનાં પ્રણિધાનાદિરૂપ પાંચ આશયોનો શુભ પરિણામ ક્રમશ: પ્રગટ થાય. એ પાંચ આશયો કાંઇક બાહ્ય ક્રિયારૂપ હોવા છતાં અંતરના શુભ પરિણામરૂપ છે; અત: એ ભાવરૂપ છે; અને એથી જ આ ભાવ વિના જેટલી ક્રિયાઓ કરવામાં આવે તે દ્રવ્યરૂપમાં જાય છે; એટલે તુચ્છરૂપે ગણાય છે; બલ્કે હાનિકર પણ બની જાય. '**શિક્ષિતાદિ**' વિશેષણોથી અલંકૃત પણ આવશ્યકાદિ અનુષ્ઠાન ઉપર્યુક્ત આશયપંચક શૂન્ય હોય અર્થાત્ એ આશયરૂપ ઉપયોગ યા તો ભાવથી શૂન્ય હોય તો તુચ્છ ગણાય ત્યારે અશુદ્ધનો તો વિચાર જ શું કરવો ?

ધર્મબીજની લાયકાતવાળા જીવમાં ધર્મબીજનું વાવેતર થયા બાદ દેવાદિ દ્વારા જો એનું સિંચન કરવામાં આવે તો અંતમાં સદ્‌ધર્મની એટલે કે લોકોત્તર ધર્મની પ્રાપ્તિ થઇ શકે છે. એ લોકોત્તર ધર્મ વાસ્તવિક નિર્મળ ચિત્તરૂપ છે; અને એ નિર્મળ ચિત્તના શુભ પરિણામજનિત શુભ અનુષ્ઠાનરૂપ છે. જ્યાં સુધી મળનો વિગમ થતો નથી ત્યાં સુધી વાસ્તવિક ધર્મનો પ્રાદુર્ભાવ થતો નથી. રાગ દ્વેષ અને મોહ એ મળરૂપ છે, તેમનો સમ્યગ્‌જ્ઞાન અને સમ્યક્‌ક્રિયાદ્વારા વિગમ થાય છે. એ વિગમદ્વારા જેટલી શુભ પરિણતિ થાય એટલે કે જેટલા શુભ સંકલ્પો થાય, તેટલા અંશમાં ધર્મની **પુષ્ટિ** થાય છે. એ શુભ ઉપયોગને જ 'સવિકલ્પક સમાધિ' કહેવામાં આવે છે. એના દ્વારા પુણ્યાનુબંધી પુણ્યનું ઉપાર્જન અને દૃઢીકરણ થાય છે; તથા એ રાગાદિના વિગમથી જો ચિત્તની વાસ્તવિક **શુદ્ધિ** થાય તો કર્મની નિર્જરા થાય છે; અને આત્મા શુદ્ધ દશામાં સ્થિર થાય છે. આ શુદ્ધ દશાને 'શુદ્ધ ઉપયોગ' કહેવાય છે, જે 'નિર્વિકલ્પક દશા' રૂપ છે; જેમાં એકત્વનો આવિષ્કાર થાય છે. આવા પુષ્ટિશુદ્ધિસ્વરૂપ ધર્મની પ્રાપ્તિ અને સ્થિરતા તથા સફળતા પૂર્વોક્ત આશયપંચકદ્વારા થાય છે. આ બન્ને ( પુષ્ટિ અને શુદ્ધિ ) અનુબંધી હોય તો ફળજનક બને છે. એનો અનુબંધ પ્રણિધાનાદિરૂપ ભાવાત્મક શુદ્ધ આશયદ્વારા થાય છે; અને તેથી એનો અનુબંધ ચાલુ જ રહે છે; તેથી શુદ્ધિનો પણ પ્રકર્ષ થાય છે, પરંતુ બન્નેની જો સાનુબંધતા ન હોય તો નિષ્ફળ જાય છે; માટે આશયપંચક શુદ્ધ ભાવરૂપ છે. આ આશયપંચકપૂર્વક સ્થાનાદિપંચકનું યથાવિધિ શુદ્ધ પાલન તે **ધર્મ** કહેવાય છે અને એને જ **યોગ** પણ કહેવાય છે. એ આશયપંચક વિના **સ્થાન**–કે જે મુદ્રાત્રિકરૂપ છે અને ઊર્ધ્વાસન યા તો પદ્માસનાદિરૂપ છે, **વર્ણ**–કે જે અસ્ખલિતાદિ પદોપેત અને **સિક્કિણ્યાદિ** પદયુક્ત સૂત્રના શુદ્ધ ઉચ્ચારણરૂપ છે, **અર્થ**–કે જે વાક્યાર્થ–મહાવાક્યાર્થ અને ઐદંપર્યાર્થ તત્ચિત્ત–તન્મન–તલ્લેશ્ય અને તદધ્યવસાયરૂપ ઉપયોગાત્મક છે, **આલં**-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**બન**-કે જે ચાર નિક્ષેપારૂપ જિનેશ્વરદેવ અને જ્ઞાનાદિ વિષયરૂપ છે; અથવા જ્ઞાનાચારાદિરૂપ વિષયાત્મક છે, અને **અનાલંબન**-કે જે પિંડસ્થ, પદસ્થ કે રૂપસ્થસ્વરૂપ આલંબનાત્મક નહિ હોઇ રૂપાતીત સ્વરૂપ નિરંજન નિરાકાર પરમાત્માના ધ્યાનરૂપ છે. એ આદિ નિરર્થક છે. આ પાંચેની સાર્થકતા પ્રણિધાનાદિરૂપ ભાવપંચક પર નિર્ભર છે.

આ આશયપંચક ઉત્તરોત્તર ધર્મશુદ્ધિ અને સિદ્ધિના કારણભૂત છે. લોકોત્તર ધર્મની એટલે સમ્યગ્દર્શનની પ્રાપ્તિ અનંતર કાળમાં આ આશયપંચકનો લાભ ક્રમશઃ થાય છે. લોકોત્તર ધર્મ-પાપ ઉદ્વેગ, પાપ જુગુપ્સા અને ચિત્તથી પાપ અકરણદ્વારા પ્રાપ્ત થાય છે. જ્યાં સુધી અકરણ નિયમ પ્રાપ્ત ન થાય ત્યાં સુધી લોકોત્તર ધર્મની સન્મુખતા થતી નથી; અને પાપાકરણ વિના વાસ્તવ ધર્મનું આચરણ પણ થતું નથી. જો કે મુખ્યતાએ સર્વ શુભાનુષ્ઠાનોનો અને તત્સાધક શુભ પરિણામનો ત્યાગ એ જ વાસ્તવિક **અકરણ નિયમ** છે, પરંતુ તેવી ઉત્કટ દશા પ્રાપ્ત ન થાય ત્યાં સુધી ધર્મ અને અધર્મનું શાસ્ત્રદ્વારા પારમાર્થિક જ્ઞાન મેળવી અને તેવી જ રીતિએ વિશ્વાસ કરી જે અધર્મનું અકરણ અને ધર્મનું આચરણ કરવું તે પણ 'અકરણ નિયમ' છે.

આ દશા અપુનર્બંધકપણું પ્રાપ્ત થયા બાદ યોગ્યતા અથવા પ્રાથમિક ભૂમિકા તરીકે પ્રાપ્ત થાય છે; અને લોકોત્તર ધર્મની પ્રાપ્તિ બાદ એનો પ્રારંભ થઇ જાય છે; તથા વાસ્તવિક અષ્ટમ ગુણસ્થાનકે પ્રાપ્ત થાય છે. અપુનર્બંધક જીવ પાપભીરુ છતાં અજ્ઞાની હોવાથી વાસ્તવિક પાપનો ત્યાગી બની શકતો નથી; અને તેમાં પણ અનાભોગાદિના કારણે કેટલીક વાર વિરુદ્ધ આચરણ પણ થઇ જવાનો સંભવ રહે છે; છતાં સમ્યગ્દર્શનનો નિકટવર્તી હોઇ પાપાકરણની યોગ્યતાવાળો થઇ ગયો છે જ્યારે મિથ્યાત્વના સર્વથા અભાવમાં અર્થ અને અનર્થનું તથારૂપે સમ્યગ્દર્શનના પ્રભાવથી પ્રકાશન થએલ હોવાથી વિવેકી સમ્યગ્દૃષ્ટિ જીવ નિર્મળ બોધના અથવા તો સદ્ગુરુની પરાધીનતાના પ્રતાપે ચિત્તથી પાપને કરનારો હોતો જ નથી; માત્ર કર્મના અવશ્ય ભોગ્ય વિયોગનના પ્રતાપે કાયાથી જ પાપનો કર્ત્તા હોય છે. એથી **કાયપાતિ** કહેવાય છે; પણ **ચિત્તપાતિ** કહેવાતો નથી; અને સાથે જ એને બોધિસત્ત્વ પણ કહેવાય છે. બોધિ એટલે ભગવદ્ભાષિત ધર્મનું જ્ઞાન, તેની શ્રદ્ધા અને તદનુસાર પાપનું અકરણ તથા શુભાનુષ્ઠાનનું કરણ. આવા બોધિપ્રધાન જીવને '**બોધિસત્ત્વ**' કહેવાય છે.

(ચાલુ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સુવાક્યામૃત.

સંયોજક-**મુનિ કુમારશ્રમણ.**

**ઉ**-ન્માદને વશ થઇ માનવી અધોગતિને પામે.

**કુ**-વાડો જેમ જંગલના ઝાડોને કાપે છે, તેમ દુર્જન સજ્જનની સજ્જનતાને કાપે છે.

**ખુ**-લ્લી અને એકાન્ત જગ્યા સતી સ્ત્રીઓને વિશ્વાસઘાત કરનારી છે.

**ગુ**-હ્ય વસ્તુને પ્રકટ કરનાર માનવીની મિત્રતા આખરે ભયંકર નિવડે છે.

**ઘુ**-વડ જેમ સૂર્યને નથી દેખતો તેમ દુર્જન જ્ઞાનીને નથી દેખતો.

**ચુ**-ડી એ સ્ત્રીઓનાં સૌભાગ્યનું લક્ષણ છે.

**છુ**-ટી ગયેલી ઘોડાની લગામ જેમ ભય આપે છે, તેમ અંકુશ વગરનો માનવી સર્વત્ર ભયને આપે છે.

**જુ**-જો ખાવામાં આવી જાય તો જલોદર રોગ ઉત્પન્ન કરે છે.

**ઝુ**-કાવનાર માનવી પોતે જો ઝુકી જાય તો સોનામાં સુગંધ જેવું થાય.

**ટુ**-ટેલા અંગવાલા માણસનો વિશ્વાસ ન કરવો.

**ઠુ**-ઠું થયેલું ઝાડ ભાંગી જાય છે પણ નમતું નથી.

**ડુ**-કર જેવા થવા કરતા સિંહ જેવા થવું શ્રેષ્ઠ છે.

**ઢુ**-ણ્ઢ ધાતુનો અર્થ તપાસવામાં છે, માનવીમાત્ર પોતાના દુર્ગુણોને તપાસે.

**તુ**-રંગ જેમ અસ્વાર વગર નકામો છે, તેમ માણસ ગુરુ વિના નકામો છે.

**થુ**-ત્કારાએલો માણસ બીજે સ્થલે પ્રતિષ્ઠા નથી મેલવી શકતો.

**દુ**-સ્તર એવા સંસાર સમુદ્રને તો વીરપુરુષોજ તરી શકે છે.

**ધુ**-માં મસ્ત થયેલા માનવીને કઇ વસ્તુ પ્રાપ્ત ન થઇ શકે.

**નુ**-તિ એટલે સ્તુતિ કોઇની પણ કરવી હોય તો, તેના ગુણોની પરીક્ષા કરી કરવી જોઇએ, નહિં તો ઘણીવાર વખાણેલી ખીચડી દાંતે ચોટી જાય છે.

**પુ**-ષ્ય નક્ષત્રમાં ખીર ખાવી શરીરે સુખાકારી છે.

**ફુ**-ત્કાર કરતા સર્પની જેમ દુષ્ટ માણસથી દૂર રહેવું જોઇએ.

**બુ**-દ્ધિનો સદુપયોગ કરનારજ, મુનિ, ત્યાગી ને વીર છે.

**ભુ**-જિષ્યા એટલે દાસી તેનો સંગ કરનાર માનવી, જગતનો દાસ બને છે.

**મુ**-નિ તો તેનેજ કહીએ કે જે મૌનનું સેવન કરે.

**યુ**-વાવસ્થાને પામેલી સ્ત્રીને, સદાચારી, નાગણીની જેમ છોડી દે છે.

**રુ**-ષ્ટ થયેલો માનવી કયાં અકાર્યને નથી કરતો.

**લુ**-ખી પણ રોટલી ભૂખ્યાને બહુ જ આનન્દ આપે છે.

**વુ**-મેન એટલી સ્ત્રી, સ્ત્રીને જોઇ આંખ મિંચનારા માનવીને શાસ્ત્રકારોએ નપુંસક કહ્યા છે.

**શુ**-ષ્ક જીવન માનવીને શો આનન્દ આપે?

**ષુ**-ધાતુના અર્થ પ્રમાણે ઉત્પન્ન થવું એ આશ્ચર્ય નથી પણ પોતાને મરવું કેવી રીતે એમાંજ આશ્ચર્ય છે.

**સુ**-જન પુરુષ સર્વત્ર યશને પાત્ર છે.

**હુ**-તાશન એટલે અગ્નિ પૂજકને પણ બાલી દે છે.

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ધર્મ....કૌશલ્ય.

( ૪૫ )

## સો વર્ષની વહેંચણી–Hundred years

### સો વર્ષના સુખના લબરકા.

**ભ**ગવાનને નામે જોડી કાઢેલી પશ્ચાત્‌ભૂમિકા સાથે આપણે હવે માણસના જીવનના સો વર્ષનો ભર્તૃહરિની પરિભાષામાં વિચાર કરીએ. માણસ સુખ માટે વલખાં મારે છે, સુખ મેળવવા માટે ત્રેવડો કરે છે, સુખ મેળવવા માટે તાગડાઓ રચે છે અને સુખ મેળવવા માટે સાચાં ખોટાં કાળાં બજાર, મેલાંઘેલાં કે ગોટાળા કરે, પણ એને એમાંથી સુખ મળે છે ? એ એમાંથી સુખ મેળવી શકે છે ? એની સુખ મેળવવાની ઇચ્છા તૃપ્ત થાય છે ? પ્રથમ સો વર્ષની સંખ્યાને તપાસી જઈએ. જો કે સો વર્ષ સુધી પહોંચનાર તો હજારે કે લાખે એક નીકળે. ઘણાખરા તો અંતરિયાળથી લખિતંગ જ થાય છે, કેટલાંએ બાળમરણનો ભોગ બને છે, અનેક અકસ્માતમાં પાછા થઇ જાય છે, કેટલાંએ પ્લેગ, કોલેરા અને ક્ષયરોગના ભોગ બને છે અને અનેક હાર્ટફેલ થઈ જતાં, ન્યુમોનિયા, ટાઇફોઇડ–વિષમ જ્વરના ભોગ બની ખલાસ થઇ જાય છે. ભરજુવાનીમાં અનેકને વિદાય થઇ જવાનું થાય છે અને આશાભર્યા કાચા કનૈયા કુંવરો અને આશાની ઝોળીએ ઝુલતી યુવતીઓ ચાલી જાય છે, છતાં આપણે **સો વર્ષનું** આયુષ્ય માનીએ, **તેનો હિસાબ** કરીએ તો તે પણ ભારે અળખામણો, કાબરચિતરો અને ખરડાયલો માલૂમ પડશે. પ્રથમ આ હિસાબ બતાવીએ. પછી તેના ઉપર નુકતેચીની કરશું.

સો વર્ષના હિસાબમાં ૫૦ વર્ષ તો રાતમાં જાય. અગાઉના જમાનામાં તેલના દીવા નીચે લોકો રાત્રે જીવ જેવું કામ કરતા નહોતા. એટલે પચાસ વર્ષ નીકળી જાય. ગામડાંઓમાં હજુ એ જ સ્થિતિ ચાલુ છે. શહેરવાળાને કદાચ ૨૦ વર્ષ બચે, કારણ કે એના દોડતા જીવનમાં વીજળી ગેસના પ્રકાશથી થોડું કામ થાય છે.

બાકી રહેલાં ૫૦ કે ૭૦ વર્ષમાંથી બાળપણના પચીશ અને ઘડપણના પચીશ નીકળી જાય. તેનાં સાડાબાર સાડાબાર રાતમાં ગણાઇ ગયા એટલે બાકી ૨૫ વર્ષ રહ્યાં. શહેરમાં વર્ષ થોડાં વધારે ગણાય તે ઘસારામાં ચાલ્યા જાય. હવે આ થોડાં વર્ષ રહ્યાં, તેમાં વ્યાધિઓનો પાર નહિ, શરીરનાં ઠેકાણાં નહિ, વેપારધંધાની ખોટોનો હિસાબ નહિ, યુવતીઓનાં આકર્ષણોનો પાર નહિ, તેમાં પાછા પડતાં કકળાટનો પાર નહિ, શેઠીઆઓના તિરસ્કાર, મિત્રોના દ્રોહ, જ્ઞાતિજનોનાં અવર્ણવાદ, સગાંસંબંધીના વેધવચકા, ખોટા આળપંપાળના આંચકા, ઓળખાણવાળાઓ તરફની નિંદા અને આજીવિકા માટેની દોડાદોડીઓ, ધન હોય તો તેના સંરક્ષણના ઉજાગરા, ન હોય તો નથી તેના વલોપાતો, નોકરી હોય તો ઓશિયાળાપણું, નોકરી હોય તો નિભાવ કરવાના ફાંફાં, અપમાનના ઓરતા અને પાછા પડતા થતા ક્ષોભો અને હાલતાંચાલતાં વર્તમાન

For Private And Personal Use Only


Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને ભાવીની ચિંતા અને આવા આવા **વિરોધાભાસમાં** બાકીનો કાળ જાય છે. એમાં સુખ શું ? અને કયાંથી હોય ? અને કોને હોય ? એ તો દુનિયાની અને જીવનની જંજાળમાં જરા સગવડ મળે કે જરા આરામ મળે એટલે માણસ ખાલી સુખના ઘરડકા લે; બાકી એમાં વસ્તુતઃ સુખ જેવું કાંઇ છે જ નહિ.

અને કદાચ બાગ-બગીચા, ગાડી-વાડી કે ખાવાપીવાનું મળ્યું તો પણ તેમાં સુખ શું છે ? સુખ જેવું પણ શું છે ? ખાધું અને જીભે સ્વાદ લાગ્યો, ન લાગ્યો ત્યાં તો પેટમાં ઊતરી જાય. એમાં સુખનો આસ્વાદ શો આવે ? અને એવી માન્યતાનું સુખ પણ કેટલું ટકશે તેની ખાતરી શી ? અને થોડા માન્યતાના સુખ પાછળ દીર્ઘ કાળે દુઃખ આવે, મોજ માણતાં ન નામ લેવાય તેવાં દરદો થઇ આવે, કે ખૂબ ખાવાથી અપચો, અજીર્ણ કે દુઃખાવો થાય અને મંદવાડના ખાટલા ગોઠવાય. એમાં સુખ શું ? અને કોઇ તમારી નજરે સુખી લાગતા માણસને એકાંતમાં મળી પૂછશો તો તમને જણાશે કે તેની પાસે ગમે તેટલી સાહ્યબી હોય કે એ મોટરમાં ફરતો હોય કે તેના હુકમ ઝીલવા ખડે પગે નોકરો હાજર હોય, તો પણ એના મનમાં ચકડોળો ફરતી હોય છે, એના મગજમાં પાર વગરના ઉધામા ફરતા હોય છે અને એના વિચારમાં અનેક આર્ત્તધ્યાનના તરંગો ઘર કરી જામી પડેલા હોય છે અને તમે એને સુખી ન કહી શકો. **સુખી એ તો જુદી ચીજ છે.** એ સારા ખાણામાં નથી કે દૈવ વૈભવમાં નથી, રૂપવાન સુંદરીમાં નથી કે મોટા વેપારોની ધમાલમાં નથી, નાચનખરામાં નથી કે હવેલીનાં ઉપસ્કરમાં નથી. **એકમાંથી મળે એ તો શોધ કરવા જેવી વાત છે.** બાકી સો વર્ષનું પૂરું આઉખું હોય, પણ જીવન ચાલુ પ્રકારનું હોય, વ્યવહાર લક્ષ્મી હોય, ચાલુ વર્તુળમાં મર્યાદિત હોય તો તેમાં ગમે તેટલાં વર્ષનું જીવન હોય, પણ સર્વ પરપોટા છે, મનનાં મનામણાં છે, પાયા વગરની દિવાલ છે, અર્થવગરનાં ધકેલા છે. એ માર્ગે જીવનની સફળતા નથી. ધર્મકુશળ પ્રાણી એવા જીવનની અપેક્ષા કરે નહિ, એવા જીવનની સ્પૃહા કરે નહિ, એ જીવનમાં ઇતિકર્તવ્યતા કે સંતોષ અનુભવે નહિ.

**शतं शरदि जीवની પાછળનું રહસ્ય.**



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



( ૪૬ )

## જરા–Oldage.

**માતાની કુક્ષિરૂપ અપવિત્ર ગુફામાં ઘણા ઘણા ક્લેશોને સહન કરીને, અને ત્યારપછી જન્મ પામીને અનેક મોટાં મોટાં કષ્ટોથી હેરાન થાય; અને એમ કરતાં સુખના આભાસવડે કલ્પેલ વિષયસુખમાં કોઇ પણ પ્રકારે સંતાપના છેડાનો જ્યાં સ્પર્શ કરે ત્યાં તો મરણની બહેન જરા-વૃદ્ધાવસ્થા શરીરનો કોળિયો કરી જાય છે.**

**આ**વી સંસારનાં સુખોની દશા છે ! જ્યાં સુખ નથી ત્યાંથી સુખ મેળવવાના ફાંફાં મારવાં અને પછી ધક્કેલા ખાવા. એ **સુખની પાછળનો આખો ખ્યાલ વાહિયાત છે, પ્રયત્નો વંધ્ય છે અને પ્રયાસો પાંગળા છે.** આપણે એક જુદા દૃષ્ટિબિન્દુથી આ સુખ પાછળના ઉધામા નિહાળીએ.

વાત એ છે કે જ્યાં વસ્તુત: સુખ નથી, જેને મારી મચડીને સુખ ગણવામાં આવે છે, જે સુખની પાછળ દુ:ખ ઊભું જ છે અને જ્યાં સુખની સ્થિરતા કે સ્થાયિતા નથી ત્યાંથી પ્રાણી સુખ મેળવવા વલખાં મારે છે. આપણે એનો આખો ક્રમ સંક્ષેપમાં જોઇ જઇએ.

માતાના પેટમાં ૨૮૦ દિવસ શું સુખ હોય ! ત્યાં તો નાનકડી ગુફા, ઘોર અંધારું અને હાલવા સળસળવાની પૂરી જગ્યા પણ નહિ અને ચારે તરફ લોહી, હાડકાં અને વિષ્ટા ભરેલાં હોય ત્યાં સુખનો સવાલ જ ન રહે. જેમ તેમ કરતાં એ ગુફામાંથી બહાર નીકળવાનું થાય, એટલે બાળકપણાની પરાધીનતા, ટગમગ પગે ચાલવું, ભણવું, ટુંકારા ખાવા અને જેમ તેમ કરીને દુનિયામાં દાખલ થવું. આ સર્વમાં તકલીફનો પાર નહિ. વેપારધંધો, નોકરી, હુકમો, ડચકારા અને નિ:સાસામાંથી પાર ઊતરી માણુસ ઘરબાર માંડે, જરા પગભર થાય અને કુટુંબકબિલાવાળો થાય, નાતજાતમાં નામના મેળવે, છોકરાં સારે ઘેર વરે એવી સ્થિતિમાં આવતો જાય, ત્યાં માથામાં રૂપેરી બાલ વધવા માંડે, બે ચાર દેખાય ત્યાંસુધી તો એને **સુખનાં બાલ** ગણે, પણ ત્યાં તો વાત વધવા માંડે અને થોડા વખતમાં દાઢી–મુછ અને માથું કાબરચિતરૂં થઇ જાય, અને પછી તો આંખે બેંતાળા, દાંતમાં કોહવાટ, કાનમાં બહેરાશ આવતી જાય. પછી તો વાયુનું જોર, દમ કફ શ્વાસ, ચાલવામાં ઢીલાશ અને અંતે ઉમરો પણ ડુંગરો થઇ જાય અને પાદર પરદેશ થતા જાય.

આ **ઘડપણ** તો ખરેખર મૃત્યુની બહેન જેવું છે. એ ધીમા આંચકાથી આવતું અને માણસને પરવશ બનાવી દેતું ઘડપણ ભારે ત્રાસ આપનાર નીવડે છે. એમાં ઘરના માણસોનો પ્રેમ ઘટતો જાય છે, પરાધીનતા વધતી જાય છે અને ખોંખોં કરતા મરવાને વાંકે જીવવાનું થાય છે, ત્યારે જુવાનીના અત્યાચારો યાદ આવે છે. ખાવાનું ઘણું મન થાય અને કોઇ બનાવી આપે નહિ, બનાવે તો પચે નહિ, દરરોજ વૈદ્યને ત્યાં આંટા ખાવા પોસાય નહિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને ઉત્તરોત્તર માનસિક વ્યથા વધતી જાય છે અને માનસિક શક્તિ ક્ષીણ થતી જાય છે. એમાં વળી પક્ષઘાત કે દમ થાય તો તો જીવતે મરવા જેવું થાય છે અને 'ડોસો મરતો નથી અને માંચડો મૂકતો નથી.' એ ઘરની દશા થાય છે.

આમાં **કયાં સુખ છે? અને શું સુખ છે?** અને આ બધા ધમધમાટ અને દમદમાટ કોના ઉપર છે? અને કેટલા વખત માટે છે. આંખ ઉઘાડીને બીજાને નીહાળવામાં આવે તો દિવા જેવું દેખાય તેમ છે, પણ આને તો સમજવું નથી, સમજવા જેવું હોય ત્યાં આંખ મીંચી રાખવી છે અને સુખના ખોટા ખ્યાલમાં મૂર્ખાઇથી નાચવું છે, ગાંડપણના લ્હાવા લેવા છે જ્યાં વસ્તુતઃ કશું સુખ નથી ત્યાંથી સુખ મળશે એવી આશામાં રંગાઇ રહેવું છે. **આખી પૌદ્ગલિક રચના ખોટા પાયા પર રચાયલી છે,** વગર સમજના ફાંટા પર નિર્ભર થયેલી છે અને અતિ વિષમ પરિસ્થિતિ ઉપજાવનાર છે. કુશળ માણસ એને બરાબર ઓળખે અને ચેતે.

**મૌક્તિક**

---

**सहित्वा संतापानशुचिजननीकुक्षिकुहरे, ततो जन्म प्राप्य प्रचुरतरकष्टक्रमहतः।**
**सुखाभासैर्यावत्स्पृशति कथमप्यर्तिविरतिं, जरा तावत्कायं कवलयति मृत्योः सहचरी॥**

**શાંતસુધારસ, સંસારભાવના.**



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# યાત્રાના નવાણુ દિવસ.

( ગતાંક ભાદરવા માસના અંકના પૃષ્ઠ ૪૦ થી શરૂ. )

( ૨ )

વણિક હોવા છતાં, ભાઈ તમો સમયની કીંમત આંકી શકો છો એ જરૂર આનંદનો વિષય છે. મેં ઘણા જૈનધર્મના પ્રસંગો જોયા છે જેમાં વિપુલ ધન ખરચાતું હોવા છતાં અને ભક્તિનો યોગ સાંપડ્યા છતાં આપણા શ્રીમંતો 'Time is money' અર્થાત્ વેળા એ જ વસુ જેવા આવશ્યક સૂત્રના પાલનમાં બહુ જ બેદરકારી દાખવે છે! ગયો સમય પાછો આવતો નથી અથવા તો Time and Tide wait for no man એટલે કે

ટકે ન કોને કારણે જલધિતણો જુવાળ,
સારો માઠો નવ રહે કોને સારૂ કાળ '

જેવા નજર સામે થાલી વગાડી ઉચ્ચરાતાં વચનોને પૂર્ણપણે હૃદયમાં ઉતારતાં નથી.

ગુરુજી, આપની વાત લગભગ સચ્ચાઇથી ભરપૂર છે. આડા દિનની શી વાત કરવી! ખુદ પર્યુષણ જેવા પર્વ દિનોમાં અને પવિત્ર એવા કલ્પધરના વ્યાખ્યાનોમાં પણ શ્રીમંત-શ્રીમંતના છોગાવાળા, અરે આગેવાની કરતા ગૃહસ્થો મોડા આવે છે! અને સંખ્યાબંધ સ્વામીભાઇઓને ખુંદતા આગળ જાય! ત્યાં પણ વાતો કરવાની ટેવ મૂકતા નથી!

જવા દો એ વાત. સાંભળો દાદાના દરબારમાં વાગતી નોબત શરણાઈ, અત્યારના પ્રાતઃકાળમાં કેવો આહ્લાદ પ્રગટાવે છે. મનોહર વાતાવરણમાં હું પણ આજે જૈન સિદ્ધાંતની મહત્વની વાત કહેવા માંડું છું.

જ્ઞાનની ગરિમા જોયા પછી 'દર્શન' નો વિચાર કરીએ. અહીં દર્શન એટલે દેખવું એવો સામાન્ય અર્થ લેવાનો નથી. એ કરતાં આ ત્રણ અક્ષરમાં અતિ ગૂઢ રહસ્ય સમાયેલ છે.

**'सामान्यवस्तुगोचरं दर्शनम्'** એમ શ્રી પ્રભાનન્દસૂરિ કહે છે.

**साकारं ज्ञानम्। अनाकारं दर्शनम्।** તત્વાર્થ રાજ૦ ના મતે.

**यत् सामान्यग्रहण दर्शनमेतद्विशेषिते ज्ञानम्॥
द्वयोरपि नययोः एष प्रत्येकं अर्थपर्यायः-**
સમ્મતિતર્ક.

**तत्वार्थश्रद्धानं सम्यग्दर्शनम्-**
એ શ્રી ઉમાસ્વાતિ વાચકનું કથન છે.

**या देवे देवताबुद्धिर्गुरौ च गुरुतामतिः।
धर्मे च धर्मधीः शुद्धा, सम्यक्त्वमिदमुच्यते॥**

એ સમજણ કળિકાળસર્વજ્ઞ શ્રીમદ્ હેમચંદ્રસૂરિજી યોગશાસ્ત્રમાં આપે છે.

**तमेव सच्चं निस्सकं जं जीवेहिं पवेइयं।**

તે જ સાચું અને શંકા વગરનું છે કે જે જિન ભગવાને પ્રરૂપેલું છે અર્થાત્ સ્વમુખે કહેલું છે. આ વચન પવિત્ર એવા પાંચમા અંગ શ્રી ભગવતી સૂત્રમાંનું છે.

**प्राप्तेषु पुण्यतः श्रद्धा, कथकश्रवणेश्वपि।
तत्त्वनिश्चयरूपं तद् बोधिरत्नं सुदुर्लभम्॥**

શ્રદ્ધાનો જન્મ કયાં તો પૂર્વ પુન્યના જોરે અથવા તો ઉપદેશદાતા ગુરુની વાણી સાંભળવાથી થાય છે. એ તત્વના નિશ્ચયરૂપ હોય છે. તેને જ બોધિરત્ન તરીકે ઓળખવામાં આવે છે અને એ જ પામવું અતિ દુર્લભ છે. આ કથન યોગશાસ્ત્રનું છે.

**सम्यग्दृष्टिर्ज्ञान सम्यग्ज्ञानमिति नियमतः सिद्धिम्
आद्य त्रयज्ञानमपि भवति मिथ्यात्वसंयुक्तम्॥**

પ્રશમરતિની આ ગાથા સમકિતવંતના જ્ઞાનનેજ પ્રશંસાપાત્ર લેખે છે અને તેનાથી જ સિદ્ધિ દર્શાવે છે. મતિ, ત અને અવધિ નામા ત્રણ જ્ઞાન તો મિથ્યાત્વપૂર્ણ પણ હોય છે;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એટલે સમ્યગ્દ્રષ્ટિ ન હોય તો એ મુક્તિ માટે થતાં નથી.

ઉપરના જુદા જુદા કથનો અવલોકયા પછી સહજ સમજાશે કે દર્શનનો અર્થ સમ્યક્ત્વ અને સમકિત છે. ચાલુ શબ્દોમાં કહીએ તો શ્રદ્ધા છે. શ્રદ્ધા વગરનું જ્ઞાન ફળદાયી થતું નથી. એથી ઊલટું જ્ઞાન વધુ કે ઓછું હોય પણ જો શ્રદ્ધા પાકી હોય તો જરૂર ફળ બેસે છે. કહ્યું છે કે—

**ज्ञानचारित्रहीनोऽपि श्रूयते श्रेणिक! किल।
सम्यग्दर्शनमाहात्म्यात् तीर्थंकरत्वम् प्रपस्यते॥**

મગધરાજ શ્રેણિક મહારાજમાં નહોતું વિશિષ્ટ જ્ઞાન કે નહોતી ચારિત્રપાલનની શક્તિ છતાં તેઓને જે તીર્થંકરપણાની પ્રાપ્તિ થઇ એમાં જો કોઇ પણ નિમિત્ત કારણરૂપ હોય તો તે માત્ર સમ્યગ્દર્શન જ છે.

આવી મહત્તા આ 'દર્શન' શબ્દમાં હોવાથી છદ્મસ્થ આત્માઓ માટેની ગોઠવણુમાં જ્ઞાનને બદલે પ્રથમ દર્શનને યાદ કરવામાં આવે છે.

શ્રી સિદ્ધચક્રજીના યંત્રમાં વચમાં શ્રી અરિહંત, ઉપર શ્રી સિદ્ધ ભગવાન, શ્રી અરિહંત બિંબના ડાબા હાથે પૂજ્ય એવું આચાર્ય પદ, જમણા ભાગે પૂજ્ય એવું સાધુ પદ અને નીચેના ભાગમાં પૂજ્ય એવું ઉપાધ્યાય પદ દર્શાવેલું હોય છે. વચ્ચેના ખૂણામાં ગણત્રીનો ક્રમ શ્રી સિદ્ધ પ્રભુના ડાબા હાથ તરફથી થાય છે અને પ્રથમ 'દર્શન પદ' પછી જ્ઞાન, ચારિત્ર અને છેલ્લું 'તપપદ' તેમના જમણા હાથે આવે છે.

સમ્યક્ત્વ અંગે થોડો વધુ વિચાર કરીએ.

**प्रथमं सम्यक्त्वं उत्पादयन् त्रीणि करवानि करोति उपशमसम्यक्त्वं प्रतिपन्नो मिथ्यात्व-दलिकं त्रिपुञ्जीकरोति॥**

**शुद्धं, मिश्रं, अशुद्धं चेति**–એ શતક ચૂર્ણિમાં કહેલું છે.

**कर्मग्रंथेषु ध्रुवं प्रथमो-पशमो करोति पुञ्जत्रिकम्
तत्पतितः पुनर्गच्छति सम्यक्त्वे मिश्रे मिथ्यात्वे॥**

પ્રારંભમાં ઔપશમિક સમ્યક્ત્વ હોય છે. તે પૌદ્ગલિક નથી એ દષ્ટિયે ક્ષાયોપશમિકથી તે શ્રેષ્ઠ છે. ક્ષાયોપશમિક સમ્યક્ત્વ દર્શન-મોહનીયના શુદ્ધ પુદ્ગલો યાને સમ્યક્ત્વ મોહ-નીયના ઉદયરૂપ છે. એ કારણે એ 'આત્મિક' ગુણ નથી. ક્ષાયિક સમ્યક્ત્વ સર્વોત્કૃષ્ટ છે કેમકે અનંતાનુબંધી ચાર કષાયો અને દર્શનત્રિક મળી સાત કર્મપ્રકૃતિનો સમૂળ ક્ષય થતાં એ ઉદ્ભવે છે. વળી પરમમિત્ર માફક આત્માની સાથે તે મુક્તિમાં પણ જોડે જ હોય છે. એની પ્રાપ્તિ પછી આત્મા ત્રીજા, ચોથા કે પાંચમા ભવે જરૂર મોક્ષે જાય છે. આ ક્ષાયિક સમકિતના જોરે જ શ્રેણિક મહારાજા અને કૃષ્ણ વાસુદેવ આદિ તીર્થંકર થવાના છે. અડગ શ્રદ્ધાનું સામર્થ્ય અપૂર્વ હોય છે.

આમ જ્ઞાન–દર્શન અથવા તો દર્શન–જ્ઞાન-રૂપ આ બેલડીમાં અગાધ શક્તિ સમાયેલી છે. એમાં જેટલા અંશે પ્રગતિ એટલા અંશે આત્માની ઉત્ક્રાન્તિ.

| સમ્યક્ત્વના નામ. | જઘન્યસ્થિતિ | ઉત્કૃષ્ટસ્થિતિ | ગુણસ્થાનક |
|---|---|---|---|
| ૧ ઔપશમિક | અંતર્મુહૂર્ત | અંતર્મુહૂર્ત | ચોથાથી ૧૧ મા સુધી ૮ |
| ૨ સાસ્વાદન | ૧ સમય | ૬ આવલિકા | બીજું ગુણસ્થાનક ૧ |
| ૩ ક્ષાયોપશમિક | અંતર્મુહૂર્ત | ૬૬ સાગરોપમથી કંઇક અધિક | ચોથાથી ૭ મા સુધી ૪ |
| ૪ વેદક | ૧ સમય | ૧ સમય | ચોથાથી સાતમા સુધી ૪ |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વસુદેવ હિંડી.

## આ સભા તરફથી પ્રકટ થયેલ અપૂર્વ કથા સાહિત્ય શ્રી વસુદેવ હિંડી ગ્રંથ માટે

"શ્રી પ્રજાબંધુ" (અઠવાડિક) પેપર (તા. ૨૭-૭-૪૭, (પા. ૧૭) ના રોજ પ્રગટ થયેલ) શું કહે છે?

(શ્રી વસુદેવ હિંડી માટે અભિપ્રાય.)

**વસુદેવ હિંડી** (પ્રથમ ખંડ)

[શ્રી સંઘદાસગણિ વાચકવિરચિત; મૂળ પ્રાકૃત ઉપરથી અનુવાદકઃ પ્રો. ભોગીલાલ જયચંદભાઇ સાંડેસરા એમ. એ. પ્રકાશકઃ શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર, અનુવાદકની પ્રસ્તાવના પાના ૪૦-પાના ૪૮૮ મૂળનો અનુવાદ; ડબલ ક્રાઉન સાઇઝ, પાકું પૂંઠું, કીંમત રૂા. ૧૨-૮-૦].

'વસુદેવહિંડી' પ્રાકૃત ભાષાનો અત્યંત મહત્ત્વનો ગ્રંથ છે. ભાષાની દૃષ્ટિએ, જગતના લોકવાર્તા-સાહિત્યની દૃષ્ટિએ, પાંચમા છઠ્ઠા સૈકાના સામાજિક દર્શનને અંગે આ ગ્રંથ ખરેખર અભ્યાસાહ છે. 'વસુદેવ હિંડી' નો પ્રથમ ખંડ ૧૦૮૯૭ શ્લોકપ્રમાણ ગદ્ય ગ્રંથ છે. પ્રથમ ખંડની રચના શ્રી સંઘદાસગણિ વાચકે કરી છે. આ ગ્રંથનું મૂળ પ્રાકૃત સંપાદન પૂ. મહારાજશ્રી ચતુરવિજયજી તથા શ્રી. પુણ્યવિજયજીએ વિ. સં. ૧૯૯૬ માં બે ભાગમાં પ્રસિદ્ધ કર્યું હતું. આ શકવર્તી ગ્રંથનો મધ્યમ ભાગ શ્રી ધર્મસેનગણિવિરચિત હજુ પ્રસિદ્ધ થવો બાકી છે. આ અપ્રસિદ્ધ મધ્યમ ભાગ ૧૭૦૦૦ શ્લોકપ્રમાણ છે. પ્રથમ ખંડમાં ૨૯ લંભક છે. આ પ્રથમ ખંડના લંભક ૧૮ ના અનુસંધાનમાં ધર્મસેનગણિએ બીજા ૭૧ લંભક મધ્યમાં નાખ્યાં. આમ આખોય ગ્રંથ ૧૦૦

---

| | | | | |
|---|---|---|---|---|
| ૫ ક્ષાયિક | અંતર્મુહૂર્ત | ૩૩ સાગરોપમથી કંઇક અધિક અથવા અનંતકાળ સુધી અને મુક્તિમાં પણ. | ચોથાથી ચૌદમા સુધી | ૧૧ |

તા. ક.-કંઇક અધિક કહેવામાં આવ્યું છે તે મનુષ્ય ભવ આશ્રયી છે.

સમ્યક્ત્વ-તત્વાર્થશ્રદ્ધાન નામથી એક પ્રકારે, નિસર્ગ અને અધિગમ, નિશ્ચય ને વ્યવહાર, દ્રવ્ય ભાવ કિંવા પૌદ્ગલિક અને આત્મિક રૂપ જોડીથી બે પ્રકારે, ઔપશમિક, ક્ષાયોપશમિક ને ક્ષાયિક અથવા તો કારક, રોચક ને દીપક નામથી ત્રણ પ્રકારે કહેવાય છે. એમાં આસ્વાદન ઉમેરતાં ચાર અને વેદક ગણતાં પાંચ થાય છે. નિસર્ગરૂચિ, ઉપદેશરૂચિ, આજ્ઞારૂચિ, સૂત્રરૂચિ, બીજરૂચિ, અધિગમરૂચિ, વિસ્તારરૂચિ, ક્રિયારૂચિ, સંક્ષેપરૂચિ, ધર્મરૂચિ ભેદ ગણીએ તો પ્રકાર દશ થાય.

પૂજ્ય શ્રી વિજયલક્ષ્મીસૂરિજીએ ઉપદેશપ્રાસાદ ભાગ પહેલામાં સડસઠ ભેદ ગણાવી વિસ્તારથી એનું વર્ણન કર્યું છે. એમાં વ્યવહારના પેટામાં ૬૧ અને નિશ્ચયના ફાળે છ મૂકયા છે. આટલું આજે. નવું આવતી કાલે.

**ચોકસી**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લંભકનો કરી દેવામાં આવ્યો છે. આ ગ્રંથને સો લંભકનો કરવાનું કારણ એ છે કે વસુદેવે ભારતવર્ષમાં સો વર્ષ પરિભ્રમણ કરીને સો કન્યાઓ સાથે લગ્ન કર્યાં હતાં. તેમાં ૨૯ કન્યાઓની પ્રાપ્તિ ( પ્રા. **लंभअ**=સં. **लाभ:** ) [ **પ્રા. लंभओ** નું ક્ષેમેન્દ્ર વગેરેએ અર્થહીન સંસ્કૃત રૂપાન્તર **लम्बकः** કર્યું છે ] નું વર્ણન સંઘદાસ ગણિએ કર્યું. બાકીની ૭૧ કન્યાની પ્રાપ્તિનું વર્ણન વિસ્તારભયે તેમણે ન કર્યું તે ધર્મસેન ગણિએ કર્યું. આમ મધ્યમ ખંડની રચના થઇ જે હજુ અપ્રસિદ્ધ છે. ' વસુદેવ હિંડી '–એટલે વસુદેવનું હિંડણ–પરિભ્રમણ એ ગ્રંથનું સાર્થ અભિધાન છે.

આ ગ્રંથની રચના ગુણાઢ્યની પૈશાચી ભાષામાં રચાએલી અને અત્યારે અનુપલબ્ધ બૃહત્કથા ઉપરથી થયેલી છે. કામપ્રધાન વાર્તાઓને ધર્મપ્રધાન બનાવી, લોકપ્રિય વાર્તાઓને જ ધર્મ-સાધન બનાવવા માટે આ ગ્રંથની રચના થઈ. લોકોને કામકથામાં આસક્તિ હોય છે–તો શૃંગારકથાઓના વ્યપદેશે ધર્મબોધ શા સારૂ ન દેવો ? આ આશયથી સંઘદાસગણિ અને ધર્મસેનગણિએ આ ગ્રંથ રચ્યો છે. બૃહત્કથાનાં ત્રણ રૂપાંતરો અત્યારે પ્રાપ્ત થાય છે. ૧. ક્ષેમેન્દ્રની બૃહત્કથામંજરી, ૨. સોમદેવનો કથાસરિત્સાગર, ૩ બુદ્ધસ્વામીનો બૃહત્કથા-શ્લોકસંગ્રહ. આ બધાંય રૂપાન્તરો સાથે વસુદેવ હિંડીનો પણ બૃહત્કથાના રૂપાન્તર તરીકે તુલનાત્મક અભ્યાસ જગતમાં ઉપયોગી બની શકે છે. આપણી લોકભાષાઓમાં ચમત્કારપૂર્ણ નંદબત્રિશી, પ્રાચીન બૃહત્કથામાંથી આવ્યાં છે. ગુણાઢ્યની બૃહત્કથાનાં સંસ્કૃત કવિઓએ મન ભરીને વખાણ કર્યાં છે, પરંતુ એમ જણાય છે કે બૃહત્કથાની પૈશાચી ભાષા સમજાતી બંધ પડી, ગ્રંથ દુર્બોધ થવા લાગ્યો એટલે તેને સંસ્કૃત મારફતે જીવંત રાખવાના હેતુથી તેનાં રૂપાન્તરો અસ્તિત્વમાં આવ્યાં. વસુદેવ હિંડી એ કામકથાના સ્વરૂપને ધાર્મિક રૂપાન્તર આપવાના હેતુથી રૂપાન્તર થયું. ' નરવાહનદત્ત ' જે બૃહત્કથાનો સાહસવીર હતો તેને સ્થાને વસુદેવ સાહસવીર બન્યો અને કથાનાં તત્ત્વો માત્ર રૂપાન્તરિત બન્યાં. સ્થળે સ્થળે જૈન–ધર્મની નિરૂપણા, પૌરાણિક કથાઓ અને બોધકથાઓ-( Parables )ને મૂળ કથાના અંતરમાં જડી દેવામાં આવી, તેમ છતાં પણ લેખક વાર્તાના રસમાં વહ્યો જાય છે અને ધર્મતત્ત્વો કથા-તત્ત્વોમાંથી સરળતાથી દૂર રાખી કથાઓ વહ્યે જાય છે. દશકુમારચરિત્રની કથાઓ, કાદમ્બરી અને વાસવદત્તાની કથાઓ પણ વિદ્વાનોના મન્તવ્ય પ્રમાણે બૃહત્કથામાંથી જ લેવાઇ છે. કથામાં કથાઓ અને આડકથાઓ વણી જટિલ સાહિત્યપ્રયોગની સાધના વસુદેવ હિંડીનાં લંભકોમાં પણ છે. આ તો બૃહત્કથાની અસર આપણા સાહિત્ય ઉપર કેવી છે તે કહ્યું; પરંતુ કેટલાંક કથાનકો તો ' એરેબીઅન નાઇટ્સ ' ના કથાનકો સરખાં છે. એક જ દાખલો નીચે ટાંકું છું. સિંદબાદ હીરાની ખીણમાં જાય છે અને રોક પંખી મોટા માંસના કટકા ઉપાડી ઉપર ઊડે છે તેને બંધાઇ સિંદબાદ ઉપર આવે છે; તેની સાથે નીચેનું કથાનક સરખાવવા જેવું છે. ( ભાષાંતર : પાન. ૧૯૩ ).

" ભોમિયાએ કહ્યું, ' બકરાઓને મારી નાખો રુધિરવાળા ચામડાની ભાથડીઓ ( ખોળ ) કરો, બકરાંનું માંસ રાંધીને ખાઓ અને કેડે છરી બાંધીને ભાથડીઓમાં પેસી જાઓ. રત્નદ્વીપ-માંથી ભારૂંડ નામનાં મહાકાય પંખીઓ અહીં ચરવાને માટે આવે છે. તેઓ અહીં આવીને વાઘ રીંછ વગેરેએ મારેલાં પ્રાણીઓનું માંસ ખાય છે, અને માંસનો મોટો પિંડ હોય તે પોતાના માળામાં લઇ જાય છે. તમને રુધિર-વાળી ભાથડીઓમાં બેઠેલા જોઇને ' આ મોટા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માંસપિંડ છે ' એમ ધારી તમને ઉપાડીને તે પક્ષીઓ રત્નદ્વીપમાં લઇ જશે. તેઓ તમને નીચે મૂકે, એટલે તમારે છરીવડે ભાથડીઓ ચીરી નાખવી. પછી તમારે ત્યાંથી રત્નો લેવાં. ''

આ ગ્રંથમાં સ્થળે સ્થળે આવતી બોધ-કથાઓ, સામાજિક રીતરિવાજોનાં આલેખનો બહુ જ રસપ્રદ છે. 'ગંધર્વદત્તા લંભક ' મા તો ( Detactive story )-અર્વાચીન જાસૂસ કથાનું તત્ત્વ પણ દૃષ્ટિગોચર થાય છે. આખોય ગ્રંથ આ રીતે તો અભ્યાસનીય છે અને એનો અભ્યાસ શુષ્ક નહિ પણ આનંદપ્રદ છે. શ્રી સાંડેસરાએ આ ગ્રંથનું સુવાચ્ય અને સરળ ભાષાંતર કરી અપૂર્વ સાહિત્યસેવા કરી છે. એક તો પ્રાચીન પ્રાકૃત ભાષા, ગ્રંથનો અભ્યાસ બહુ ન થતાં હોવાથી તેની હાથપ્રતોના પ્રમાદોને લીધે થએલા દુર્બોધતાનો વધારો અને બીજું માણસની ધીરજ થકવી નાખે તેવો લાંબો ગ્રંથ આ બે મુશ્કેલીઓને ધીરજ અને સરળતાથી તરી જઇ-જાણે ગુજરાતી લખાણુ જ વાંચતા હોઇએ એવું અપૂર્વ ભાષાંતર આપી શ્રી. સાંડેસરાએ અન્ય વાચકો અને પ્રાકૃત ભાષાના અભ્યાસીઓ ઉપર એક સાહિત્યોપકાર કર્યો છે. પ્રાકૃત ભાષાના આવા મહાસાગર સમા ગ્રંથને ઓળંગવાનું સાહસ પ્રાકૃત ભાષાનો વિદ્વાન પણ માથે પડ્યા વિના ન કરે તે ગ્રંથનુ ભાષાંતર કરી તેને રજુ કરવું એ કેટલો શ્રમ છે તે તો વિદ્વજ્જનો જ સમજી શકે એમ છે.

આટલેથી બસ નથી. વિદ્વત્તાપૂર્ણ પ્રસ્તાવના પણ શ્રી સાંડેસરાએ આપી છે. તેમાં લેખક, ગ્રંથ, ભાષા અને તેનું વ્યાકરણ, ગ્રંથમાંથી ફલિત થતી સમકાલીન સામાજિક પરિસ્થિતિનું બ્યાન વગેરે ઘણાં ઉપયોગી તત્ત્વોની મર્મ-સ્પર્શી ચર્ચા શ્રી. સાંડેસરાએ કરી છે. આ પ્રસ્તાવના પણ તેમની ઊંડી વિદ્વત્તા, પૃથક્કરણ શક્તિ અને અભ્યાસી સ્વભાવની નિદર્શક છે. પ્રાકૃતભાષામાં રસ લેનાર અને વિ. સં. પાંચમા-છઠ્ઠા શતકની સામાજિક સ્થિતિના અભ્યાસક માટે આ અપૂર્વ ગ્રંથ છે અને ભાષાંતરે આ દુર્ગમ પ્રાકૃત ગ્રંથને અત્યંત સુગમ અને સુવાચ્ય બનાવી દીધો છે.

આ પ્રમાણે હરિભદ્રસૂરિની 'સમરાઇચ્ચકહા' નો પણ આવો જ અનુવાદ અત્યંત આવશ્યક છે અને મારી તો ભલામણ છે કે આત્માનંદ સભાએ ગ્રંથનું પણ આવું સુંદર ભાષાન્તર તૈયાર કરાવી પ્રસિદ્ધ કરવું. જે સમયે ગૂજરાત પોતાના વિશ્વવિદ્યાલયને સર્જી રહ્યું છે અને પોતાની ગુર્જરીને માધ્યમ તરીકે સર્વ પ્રકારના અભ્યાસોમાં લેવાનો આદર્શ સેવી રહ્યું છે, તે સમયે પ્રત્યેક સંસ્થાનો ધર્મ છે કે પ્રાચીન સાહિત્યના ગ્રંથોને આપણી ભાષામાં લાવવા અને સુવાચ્ય બનાવવા. એક બાબત અહીં કહ્યા વિના ચાલે તેમ નથી. છાપકામ, પુસ્તકની બાંધણી બધુંય સુંદર રીતે થયું છે તે માટે ખરેખર પ્રકાશકોને અભિનંદન ઘટે છે.

**મોદી મધુસૂદન ચિમનલાલ**

---

# વર્તમાન સમાચાર.

પ્રાતઃસ્મરણીય આચાર્ય મહારાજ **શ્રીવિજય-વલ્લભસૂરીશ્વરજી મહારાજ**ને ૭૮ મું વર્ષ કારતક શુદ ૨ ના રોજ બેસતું હોવાથી ( જન્મ જયંતી નિમિત્તે) દીર્ઘાયુષ માટે પ્રાર્થના કરવા સાથે અમૃતસર આચાર્ય મહારાજને આ સભા તરફથી ગુરૂભક્તિના આનંદ માટે તાર કરવામાં આવ્યો હતો.

## સ્વીકાર-સમાલોચના

**શ્રી નયરહસ્ય પ્રકરણમ્:**—( શ્રી મહામહો-પાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી ગણિ વિરચિત ઉપર ) શ્રીમાન્ આચાર્ય મહારાજ શ્રી **વિજયનેમિસૂરીશ્વરજીના** પટ્ટાલંકાર વ્યાકરણવાચસ્પતિ શ્રી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**વિજયલાવણ્યસૂરિજી** મહારાજે રચેલી. **પ્રમોદા-વિવૃત્તિ**—નામની ટીકાના સાત નયના સ્વરૂપને જણાવનારો આ ગ્રંથ અમોને ભેટ મળેલ છે. રચયિતા સૂરિજી મહારાજ વ્યાકરણના નિષ્ણાત ( વાચસ્પતિ ) વિદ્વાન મુનિવર છે તેમ તેમના રચેલા ધાતુ રત્નાકર સાત ભાગો, અન્ય સંસ્કૃત ટીકા ગ્રંથો પરથી જણાય છે અને આ ટીકા પણ વિદ્વત્તા-પૂર્ણપણે આ પ્રમોદાવૃત્તિ તત્ત્વજિજ્ઞાસુ અને ન્યાયના અભ્યાસીઓ માટે રચીને વિષય સરલ બનાવ્યો છે. મૂળ ગ્રંથ પ્રતિભાશાળી હોવાથી તેની આ ટીકા મહારાજશ્રીએ રચેલ હોવાથી ન્યાય સાહિ-ત્યમાં એક ઉત્તમ ગ્રંથની વૃદ્ધિ થઇ છે. વિદ્વાન ધર્મગુરુઓ જ આવા ન્યાયના ગ્રંથો ઉપર ટીકા રચી શકે છે. આ ગ્રંથમાં કયા કયા વિષયો કયાં કયાં છે તેની વિસ્તૃત અનુક્રમણિકા વાંચવાની અભ્યાસીઓને ભલામણ કરીયે છીયે. જ્ઞાનભંડારો અને લાઇબ્રેરીમાં સંગ્રહવા લાયક આ સાત નયની ટીકાનો ગ્રંથ અવલોકવા અમો ખાસ ભલામણ કરીયે છીયે.

## ખેદકારક અવસાન.

**સાધ્વીજી મહારાજશ્રી દેવશ્રીજીનો સ્વર્ગ-વાસ** સીતેર વર્ષની વૃદ્ધવયે પચાસ વર્ષનું નિરતિચાર ચારિત્ર પાળી ગયા આસો સુદ ૬ ના રોજ અમૃતસરમાં થયો છે. સાધ્વીજી મહારાજ સ્વભાવે શાંત મિલનસાર અને ક્રિયાપાત્ર હતા. શિષ્યાપ્રશિષ્યાદિ શુમારે નેવુંનો પરિવાર મૂકી ગયા છે. આચાર્યશ્રી વિજયવલ્લભ-સૂરીશ્વરજી મહારાજના વરદ હસ્તે દીક્ષા લીધી હતી. સંસ્કૃત, પ્રાકૃત ભાષા, પ્રકરણો વગેરેનું સારું જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું. આવા એક પૂજ્ય, ચારિત્રપાત્ર, વયોવૃદ્ધ સાધ્વીજીની સમાજને ખોટ પડી છે જે માટે આ સભાને અત્યંત દુઃખ થાય છે. તેમના પવિત્ર આત્માને અખંડ અનંત શાંતિ પ્રાપ્ત થાઓ એમ પરમાત્માની પ્રાર્થના કરીયે છીયે.

જૈન કોમમાં જાણીતા અગ્રગણ્ય **ઝવેરી મોહન-લાલ હેમચંદભાઇનો** ૮૩ વર્ષની વયે મુંબઇમાં સ્વર્ગવાસ થયો છે.

સદ્‌ગતની કારકીર્દી જૈન સમાજમાં જાણીતી છે. આપબળે આગળ વધી તેમણે લક્ષ્મી સંપાદન કરી હતી તેમજ **સદ્વ્યય** પણ કર્યો હતો. ગુપ્તદાનનો પ્રવાહ ચાલુ જ રાખતા. ધાર્મિક તેમજ રાષ્ટ્રીય સેવા ભાવના તેમનામાં અહર્નિશ જાગૃત રહેતી. વળી **૧૯૩૨**માં તેમણે પોતાનું મકાન કોંગ્રેસ ફ્રી હોસ્પીટલ કરવા માટે આપ્યું હતું.

તેઓ શેઠ પ્રેમચંદ રાયચંદ ચેરીટી ટ્રસ્ટમાં સલાહકાર, શ્રી જૈન એસોસીએશન ઓફ ઇન્ડીયા, શ્રી શાંતિનાથ જૈન દહેરાસર તથા વિદ્યાશાળા, શ્રી ગોડીજી પાર્શ્વનાથ મંદિર અને શ્રી મોહનલાલજી જૈન સેંટ્રલ લાયબ્રેરીનાં મેનેજીંગ ટ્રસ્ટી હતા. તેઓનું જીવન ધર્મપરાયણ હતું.

સદ્‌ગત આ સભાનાં લાઇફ મેમ્બર હતા. તેમનાં અવસાનથી સભા દિલગીરી દર્શાવે છે અને તેમનાં આત્માની શાંતિ ઇચ્છે છે. તેમનાં સુપુત્રો શ્રી મણીલાલભાઇ, ચીમનલાલભાઇ, કલ્યાણભાઇ, લાલ-ભાઇ, રમણભાઇ, રસીકલાલભાઈ વિગેરે આપ્ત વર્ગને અંતઃકરણપૂર્વક સભા દિલાસો આપે છે.

વરતેજવાળા **શ્રી ગાંડાલાલ માનચંદ ભાવસાર** આસો વદી ૧૧ તા. ૮-૧૧-૪૭ ના રોજ પંચત્વ પામ્યા છે. તેઓ ધર્મિષ્ટ હતા. તેમનો સ્વભાવ સરલ અને શાંત હતો. તેમણે પોતાનાં જીવનમાં અનેક કાર્યો ધર્મના કર્યા હતા. તેઓ આ સભાનાં લાઇફ મેમ્બર હતા. સભા તેમનાં અવસાનની દિલગીરી દર્શાવે છે અને તેમનાં આત્માની પરમ શાંતિ ઇચ્છે છે.

**ગાંધી નાનચંદભાઇ માધવજીનું** ભાવનગરમાં ખેદજનક અવસાન થયું છે. તેઓ શાંત અને સરળ સ્વભાવનાં હતા, તેમનું જીવન ધાર્મિક અને મીલન-સાર હતું. તેઓ સભાનાં લાઇફ મેમ્બર હતા. સભા તેમનાં અવસાનથી દિલગીરી પ્રદર્શિત કરે છે અને તેમના આત્માની પરમ શાંતિ ઇચ્છે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પૂજ્ય ભગવતી સૂત્રની શ્લોકે શ્લોકે એક એક રૂપીયો અને વાસક્ષેપવડે ઉદાર નરરત્ન શેઠ ભોગીલાલભાઇ મગનલાલે પૂજા કરી જ્ઞાનભક્તિ કરી સુમેળ સાધ્યો છે. આચાર્ય મહારાજે કૃષ્ણનગરમાં ઠાણા ઉઠાણા કર્યા છે. સાંભળવા પ્રમાણે થોડા દિવસમાં આચાર્ય મહારાજ વિહાર પણ કરવાના છે એમ જણાય છે.

## જાહેર ખબર

આ સભા માટે એક ગ્રેજ્યુએટ, સંસ્કૃત ભાષાનું સારૂં જ્ઞાન ધરાવનાર, સાહિત્ય ગ્રંથો વગેરેના ( અનુવાદો ) પ્રુફો તપાસવાનું કામ જાણનાર, એક કલાર્કની જરૂર છે. માસિક પગાર રૂા. ૭૦) થી રૂા. ૧૦૦) સુધી ) ઉપરનું સર્વ કાર્ય જાણનાર કદાચ અંડર ગ્રેજ્યુએટ હોય તો પણ ચાલશે. કોઇ સ્થળે તેમણે સરવીસ કરી હોય તો તેના સરટીફીકેટ અરજી સાથે નીચેના સ્થળે લખો.

સેક્રેટરીઓ,

શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.

## હવે પછી થનારા નવા પ્રથમ વર્ગના લાઇફ મેમ્બરોને સૂચના.

પોશ વદી ૩૦ સુધીમાં રૂા. ૧૦૧) એકસો એક આપી આ સભામાં નવા થનારા માનવંતા લાઇફ મેમ્બરોને જ પોશ માસમાં પ્રગટ થનારા શ્રી શાંતિનાથ ચરિત્ર રૂા. ૭ાા તથા સાથે શ્રી વસુદેવ હિંડી રૂા. ૧૨ાા આ બંને રૂા. વીશની કિંમતના ગ્રંથો ભેટ મળી શકશે. ત્યારબાદ જે ગ્રંથો છપાશે, તે તે ભેટ મળી શકશે. માત્ર પોસ્ટેજ પુરતા ખર્ચનું વી. પી. તે વખતે તેઓ સાહેબને મોકલવામાં આવશે.

## બીજા વર્ગમાંથી પ્રથમ વર્ગમાં આ માસમાં વધારે થયેલાં માનવંતા લાઇફ મેમ્બરો.

૧ શ્રીયુત મોહનલાલ દીપચંદ ચોકસી ૨ શેઠ ચુનીલાલ રાયચંદ ૩ ઝવેરી સાકરલાલ માણેકચંદ ધડીયાળી ૪ શાહ કાન્તિલાલ ભગવાનદાસ ૫ શાહ અમૃતલાલ હરગોવિંદ

## બીજા વર્ગનાં લાઇફ મેમ્બરોને નમ્ર સુચના.

સ્થાનિક તથા બહાર ગામના સભ્ય સાહેબોને જણાવવાનું કે હજી સુધી રૂા. ૫૦) વિશેષ ભરી પ્રથમ વર્ગના લાઇફ મેમ્બર જે બંધુઓ નથી થયા તેઓ પણ વિચાર કરી તેમ કરી શકે માટે આસો વદી ૩૦ સુધી પહેલા વર્ગમાં દાખલ થઇ ભેટનો લાભ મેળવે તેમ આગળ જણાવ્યું છે. આ બંને ઉપયોગી ગ્રંથો બહુજ રૂચીકર અન્ય જૈન બંધુઓ ઘણા મોટા પ્રમાણમાં મંગાવે છે, જેથી હવે પછી તે બંને બુકો સિલિકે રહે તેમ જણાતું નથી, જેથી હવે પછી આપ આ બુકો ભેટ તરીકે મંગાવવા ઇચ્છા ધરાવતા નથી તેમ ધારી તે સિલિકે નહિં રહે તો પછી સભા આપને આપી શકશે નહિં માટે આપને યોગ્ય લાગે તે રીતે વિચાર કરી દિવાળી પહેલાં વેલાસર મંગાવી લેવા તૈયાર થયા નથી, હવે બીજી સુચના કરવાની કે આપ માગશર વદી ૩૦ સુધીમાં જો રૂા. ૫૦) આપી પ્રથમ વર્ગમાં દાખલ થશો તો પોશ માશમાં પ્રગટ થનાર શ્રી શાંતિનાથ ચરિત્ર તથા શ્રી વસુદેવ હિંડી બંને ગ્રંથો કિંમત રૂા. ૨૦) ના ભેટ આપને મળી શકશે અને તે પછી થશો તો ધારા પ્રમાણે ભેટ મળશે.

## નવા તૈયાર થતાં અપૂર્વ સાહિત્ય પ્રકાશનો.

( અનુવાદો )

૧ કથારત્નકોષ ( જૈન કથા સાહિત્ય અને તત્ત્વજ્ઞાનનો અપૂર્વ ગ્રંથ પ્રથમ ભાગ )
૨ શ્રી પાર્શ્વનાથ પ્રભુ ચરિત્ર
૩ શ્રી શ્રેયાંસનાથ પ્રભુ ચરિત્ર
૪ મહાસતી દમયંતી ચરિત્ર ( શ્રી ઉપયોગી સીરીઝ તરીકે. )

યોજનામાં

૫ શ્રી સુમતિનાથ પ્રભુ ચરિત્ર (શ્રી સોમપ્રભાચાર્યકૃત) નંબર ૧–૩–૫ માં આર્થિક સહાયની અપેક્ષા છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431

### ૧ શ્રી વસુદેવહિંડી ગ્રંથ ( શ્રી સંઘદાસ ગણિકૃત ભાષાંતર )

તત્ત્વજ્ઞાન અને બીજી ઘણી બાબતોને પ્રમાણિક ઠરાવવા સાદતરૂપ આ ગ્રંથની સુમારે પાંચમા સૈકામાં શ્રી સંઘદાસગણિ મહારાજે રચના કરેલી છે. મૂળ ગ્રંથનું બહુ જ પ્રયત્નપૂર્વકનું સંશોધનકાર્ય સદ્ગત મુનિરાજ શ્રી ચતુરવિજયજી મહારાજ તથા વિદ્વાન સાક્ષરવર્ય મુનિરાજ શ્રી પુણ્યવિજયજી મહારાજે કરી જૈન સમાજ ઉપર મહાન ઉપકાર કર્યો છે. ભારતનો ઇતિહાસ તૈયાર કરવા માટે અજોડ અને બહુ જ પ્રાચીન ગ્રંથ છે. દરેક જૈન જૈનેતર સાક્ષર અને સાહિત્યકારની પ્રશંસાને પાત્ર થયેલ આ ગ્રંથ છે. આવા બહુ મૂલ્ય ગ્રંથનું ભાષાંતર વિદ્વાન ગ. રા. ભોગીલાલ જ. સાંડેસરા એમ. એ. અમદાવાદવાળા પાસે તૈયાર કરાવેલ છે. ખરેખરી જ્ઞાનભક્તિનું આ ઉત્તમોત્તમ કાર્ય છે. આ ગ્રંથમાં અનેક ઐતિહાસિક સામગ્રી અનેક જાણવા યોગ્ય વિષયો અને કથાઓ આવેલી છે શુમારે છશેંહ પાનાનો ગ્રંથ કપડાનું પાકું બાઇન્ડીંગ સુંદર સચિત્ર કવર જેકેટ સાથે કિંમત રૂા. ૧૨-૮-૦ પોસ્ટેજ અલગ. પ્ર૦ વ૦ના લાઇફ મેમ્બરોને ભેટ મળશે.

---

### ૨ શ્રી શાંતિનાથ ચરિત્ર—શ્રી અજિતપ્રભસૂરિકૃત.

મૂળ ઉપરથી ગુજરાતી ભાષાંતર સુંદર-અક્ષર-વિવિધ કલરીંગ સચિત્રો સાથે, ઉંચા કાગળો ઉપર, સુંદર ગુજરાતી ટાઇપમાં છપાઇ ગયો છે, પાકા બાઇન્ડીંગથી અલંકૃત થાય છે. દેવાધિદેવ શ્રી શાંતિનાથ પ્રભુના દરેક ભવોનું અપૂર્વ સ્વરૂપ, અનેક બીજી અંતર્ગત કથાઓ, બાર વ્રત અને બીજા વિષયો ઉપરની દેશના, અનુકંપા( જીવદયા )નું અદ્ભુત, અપૂર્વ, અનુપમ વૃત્તાંત આ ચરિત્રમાં આવેલ છે જે મનન કરવા જેવું છે. કીંમત રૂા. ૭-૮-૦ ચાલુ માસમાં પ્રગટ થશે.

---

## " નૂતન સાહિત્ય પ્રકાશન "

### ૧ શ્રી પાર્શ્વનાથ પ્રભુ ચરિત્ર.

શ્રીમાન્ દેવભદ્રાચાર્યકૃત ૧૧૦૦૦ હજાર શ્લોક પ્રમાણ, પ્રાકૃત ભાષામાં બારમા સૈકામાં રચેલો તેનું ભાષાંતર છપાય છે. આ ચરિત્ર ગ્રંથકર્તા આચાર્ય મહારાજની વિદ્વત્તાપૂર્ણ સુંદર, અનુપમ, અલૌકિક રચના છે. આટલો મ્હોટો શ્રી પાર્શ્વનાથ ચરિત્ર ગ્રંથ બીજો નથી. તેમ આવી મહત્વપૂર્ણ ચરિત્ર રચના ભાગ્યેજ બીજા ગ્રંથમાં હશે. પ્રભુના ભવોના વિસ્તૃત વર્ણન સાથે, પ્રભુના દશ ગણધરોના પૂર્વભવોના રસિક ચરિત્રો સાથે આપવામાં આવેલ છે. સાથે અનેક અંતર્ગત કથાઓ અને ઘણા જાણવા યોગ્ય વિવિધ વિષયો પણ આવેલાં છે ગ્રંથ છપાય છે, આ એક અપૂર્વ કૃતિ છે. ૬૫ ફોર્મ સાડા પાંચસેંહ પૃષ્ઠ, અને આકર્ષક રંગીન ચિત્રો, મજબુત બાઇન્ડીંગવડે ગુજરાતી સારા અક્ષરોથી છપાય છે.

---

**૨ શ્રી કથારત્નકોષ ગ્રંથ**—શ્રીમાન્ દેવભદ્રાચાર્ય મહારાજે ( સંવત ૧૧૫૮ માં પ્રાકૃત ભાષામાં રચેલો છે. જેમાં સમ્યક્ત્વ આદિ તેત્રીશ સામાન્ય ગુણો અને પાંચ અણુવ્રત આદિ વિશેષ સત્તર ગુણોને લગતા ૫૦ વિષયોનું પઠન પાઠન કરવા-અભ્યાસ કરવા જેવું વિવેચન અને તે દરેક ગુણો ઉપર નવીન મૌલિક, સુંદર અનુપમ કથાઓ વાચકોની રસવૃત્તિ આખો ગ્રંથ વાંચતા નિરસ ન કરે તેવી સુંદર રચના આચાર્ય મહારાજે કરી છે. આ ગ્રંથમાં આવેલ ગુણોનું સ્વરૂપ, તેનું વિવેચન, તેને લગતા ગુણદોષો, લાભ-હાનિનું નિરૂપણ આચાર્ય મહારાજે એવી સુંદર પદ્ધતિ, સંકલનાથી કર્યું છે કે જેથી આ ગ્રંથની અનુપમ, અમૂલ્ય અપૂર્વ રચના બનેલ હોવાથી તે અપૂર્વ સાહિત્ય ગ્રંથ ગણાય છે. આ સુંદર ગ્રંથ મૂળ અમોએ પ્રસિદ્ધ કર્યો છે, જેની મૂળની કિંમત રૂા. ૮-૮-૦ છે. જેનું આ સરલ શુદ્ધ ભાષાંતર પણ સાક્ષરવર્ય મુનિરાજ શ્રીપુણ્યવિજયજી મહારાજની દેખરેખ નીચે થયેલ છે. આર્થિક સહાયની અપેક્ષા છે. મૂળ ગ્રંથની પ્રસ્તાવના સાક્ષરવર્ય શ્રી પુણ્યવિજયજી મહારાજે વિદ્વતાપૂર્ણ લખેલી મનન કરવા જેવી જે સાથે છપાશે.

મુદ્રક : શાહ ગુલાબચંદ લલ્લુભાઇ : શ્રી મહોદય પ્રિન્ટિંગ પ્રેસ : દાણાપીઠ-ભાવનગર.

For Private And Personal Use Only